॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# ભાવરેણુ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત


❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org


❑ © હરિઃૐ આશ્રમ, સુરત-નડિયાદ


❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૪ | ૧૨૫૦ |
| દ્વિતીય | ૧૯૯૩ | ૧૦૦૦ |
| ત્રીજી | ૨૦૦૫ | ૧૦૦૦ |

❑ **પૃષ્ઠ :** ૨૦ + ૭૬ = ૯૬

❑ કિંમત : **રૂ. ૧૦/-**

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. ૯૪૨૮૪૦૪૪૪૩

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯)૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

## સમર્પણાંજલિ

(ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા દ્વારા પ્રસ્થાપિત
હરિઃૐ આશ્રમ, સુરતની અને સવિશેષ રીતે
મૌનમંદિરમાં અનુષ્ઠાન કરનાર સાધકોની
સમયબદ્ધ રીતે અને પૂરા ઉત્સાહથી
તેમ જ ભક્તિભાવે વિવિધ
સેવાઓ આપી રહેલા આશ્રમના સેવકો

**(૧) શ્રી રાજુભાઈ ભાણાભાઈ રાઠોડ**
**(મુ. માંડવી, તા. માંડવી),**
**(૨) શ્રી મૂકેશભાઈ ઈશ્વરભાઈ ચોધરી**
**(મુ. પુના, તા. માંડવી)**
**અને**
**(૩) શ્રી શંકરભાઈ ભાણાભાઈ રાઠોડ**
**(મુ. માંડવી, તા. માંડવી)**

આ સર્વેને શ્રીમોટા રચિત **'ભાવરેણુ'**ની
આ ત્રીજી આવૃત્તિ
સમર્પિત કરતાં અમો આનંદની
લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૪-૧-૨૦૦૫
(મકરસંક્રાંતિ)

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત



॥ હરિઃૐ ॥

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | भूमिका | ૧-૬ |
| ૨ | श्रीहरि | ૭-૧૫ |
| ૩ | साधना | ૧૬-૪૫ |
| ૪ | भक्ति | ૪૬-૬૦ |
| ૫ | हरिभक्त | ૬૧-૭૪ |


• • •

॥ હરિઃૐ ॥

## શ્રીમતી ડૉક્ટર તરુલતા શાંતિભાઈ પટેલને
## શ્રી પંકજકુમાર શાંતિભાઈ પટેલને
## શ્રી ધ્રુવકુમાર શાંતિભાઈ પટેલને

(ન્યુયોર્ક-અમેરિકા)

**સપ્રેમ સમર્પણાંજલિ**

(પ્રથમ આવૃત્તિ)

*(અનુષ્ટુપ)*

ખરા સંબંધમાં આવ્યો તમારા ત્રણ સાથમાં,
ત્રણેયે ભણતાં ત્યારે આવતાં વારવાર શાં !

પરિચય થતાં, ત્યારે સ્વભાવ ઓળખાય છે,
ખપમાં આવવું એવો મારો સ્વધર્મ તો ખરો.

તમારું કામ કીધું છે, જેથી આજ તમે રળો,
ને સાથે સૌ તમેયે તે દાખવી છે ઉદારતા.

તરુને કદી ના ભૂલી શકાય સ્થિતિ એવી છે,
ધ્રુવ, પંકજ બંનેયે ભુલાયાં ના ભુલાય છે.

દિવ્ય મદદ બંનેને કૃપાથી શી થયેલ છે !
કદી જીવનમાં તેઓ ભૂલી જઈ નહીં શકે.

ત્રણેનો અદ્‌ભુત કેવો શો ઉપકાર કેટલો !
આપતાં દિલ ઉદાર ત્રણેનું કેવું થાય છે !

હું જે કંઈ કામ લાગ્યો છું, તે તો નમાલું છે નર્યું,
મદદ તેમની તોલે કૈં ગણતરી મારી ના.

સાવ ગરીબ એવો હું આપી આપી શકું જ શું ?
પાસે કશું નથી, માત્ર સમર્પણાંજલિ ધરું.

હરિઃૐ આશ્રમ, સુરત —મોટા
તા. ૧૪-૯-૧૯૭૪



॥ હરિઃૐ ॥

## લેખકના બે બોલ

(પ્રથમ આવૃત્તિ)

મારા વહાલા શ્રીહરિનું નિરંતર અને અખંડ સ્મરણ રોમરોમમાં કેવું નર્તતું છે ! મારા એ વહાલાના અનંત સ્વરૂપની કેવી રોમાંચકારી આ લીલા છે ! શ્રીહરિની કૃપાના સ્પર્શમાત્રથી તરણાનો મેરુ બને અને બોથડ વિદ્વાન બને, એવું મારા જીવનમાં પ્રત્યક્ષ જીવતુંજાગતું હું અનુભવું છું. શરીરના આવા તીવ્ર પીડાકારી રોગો હોવા છતાં દિલની પૂરી મસ્તીથી એનાં ભજનભાવમાં રહેવાય છે અને નિમિત્તે કરીને આવાં જોડકણાં લખાતાં જ જાય છે, એ તો મારા વહાલાની પ્રેમભરી પ્રસાદી છે. ઉપરાંત, સમાજમાં ગુણ અને ભાવના પ્રગટે તેમ જ એવા ગુણ અને ભાવનાના ઉદ્દીપન દ્વારા સમાજ બેઠો થાય એવા તલના કરોડમા ભાગ જેટલાં પણ કલ્યાણકારી કામો આવા શરીરથી થાય છે, એ તો મારા હજારો હાથવાળા ભગવાનના સ્વરૂપનું ચેતનવંતું ભાવવાહી પ્રત્યક્ષ દર્શન છે. નહિતર સમાજના છેક તળિયાના સ્તરનું આ શરીર આવાં મોટાં કામો કેવી રીતે પાર પાડી શકે ?

મારા આ પુસ્તક ‘ભાવરેણુ’માં મેં અનુભવેલા પ્રભુના સ્વરૂપનું આછું વર્ણન કર્યું છે. અને મારો વહાલો પ્રભુ સઘળે વિરાજેલો હોવા છતાં, સમર્થમાં સમર્થ હોવા છતાં સર્વથી ન્યારો છે. એ તે વળી વાણીથી વ્યક્ત થાય ? પ્રભુના એવા અવ્યક્ત સ્વરૂપના પરમ સામર્થ્યકારી ભાવને અનુભવવા એની જ કૃપાથી મેં મસ્તીથી એની ઉપાસના કરી છે. સાધનામય જીવનના પ્રત્યેક તબક્કે માથાં વધેર્યાં છે. અને એ પણ દિલના પૂરા ઉમળકાથી. આ પુસ્તકમાં મેં મારી સાધનાકાળની આરંભની સ્થિતિનું વર્ણન કર્યું છે. જિજ્ઞાસુ શ્રેયાર્થી પોતાની સ્થિતિ વિશે જરા પણ પાછો ન પડે, એવી પ્રેરણા પામે, એવો હેતુ આવા પ્રકારનું સ્પષ્ટ લખવાપણામાં છે. સાધનામય જીવનમાં જીવનની પ્રાપ્ત પરિસ્થિતિમાંથી ભાગી છૂટવાનું નથી, પરંતુ જીવનવિકાસ સાધતાં સાધતાં જે ભાવ આંતરિકપણે સિદ્ધ થતો જાય તેને પ્રાપ્ત કર્મોમાં

અવતારવાનો હોય છે. અને એ કર્મને પ્રભુની ભક્તિનું એક નિર્મળ પુષ્પ બનાવવાનું હોય છે. નિર્મળ પુષ્પ એ અર્થમાં કે એવાં કર્મો પાછળ જીવદશાનાં દૃષ્ટિ, વૃત્તિ કે વલણ રહેવાં ન જ જોઈએ ! ઊર્ધ્વ જીવનનો ભાવ જો કર્મમાં પ્રતિષ્ઠા ન પામે તો એ ભાવનું અવતરણ નક્કર બનતું નથી. કર્મો પણ જીવનવિકાસક છે, માટે જિજ્ઞાસુ શ્રેયાર્થીએ કર્મને સાધનાના ભાવથી જ આચરવાં ઘટે.

આમ થાય તો ભક્તિનો ભાવ ક્રમે ક્રમે અખંડિત બની જાય. માત્ર દેવદર્શન, સેવાપૂજા, કથાવાર્તા કે ભજનકીર્તન કરવાથી ભક્તિ પરાયણ જીવન જિવાય છે, એવી ભારે ભ્રમણામાં આપણો સમાજ જીવે છે. સમાજનું આ પ્રકારનું જીવન એ તો નર્યું અજ્ઞાનમય અને તમસયુક્ત છે. જો એ બધાં સાધનોનો ભાવ રોજિંદા વ્યવહાર કર્મમાં ઊતરે નહિ તો એ પ્રકારનું ઘરેડયુક્ત પરંપરા પ્રાપ્ત જીવન 'જીવન' જ ન ગણાય.

આથી, રાગદ્વેષાદિ મોળા પડે અને પ્રાપ્ત કર્મો આચરતાં આચરતાં આપણી એવા પ્રકારની અવસ્થાની પરખ થયા કરે. એવી પળે જાગૃતિપૂર્વક, ખંતથી જીવદશાની વૃત્તિમાંથી દૂર થવા મથામણ અનુભવાય, ત્યારે ભક્તિના ક્ષેત્રમાં આપણે પ્રવેશી શકવાની ભૂમિકા તૈયાર કરી રહ્યા છીએ એમ માનવું રહ્યું.

જીવનવિકાસ કાજે મથનારો સાધક કે ભગવાનનો ભક્ત ખંત, ધીરજ, હિંમત, પરાક્રમ, ખમીર, શહૂર તેમ જ શાંતિ અને પ્રસન્નતા ધારણ કરતો વીર યોદ્ધો છે. એ કશા ક્લેશ કે દુ:ખો, ગેરસમજ કે અણસમજ એને ચિંતિત કરતાં નથી. એ તો પોતાના ધ્યેયની પ્રાપ્તિ કાજે નિરંતર મથતો મથતો સતત વિકસતો જ જાય છે. એણે અનંતને પામવા કાજે જે પગલાં માંડ્યાં છે, એ માર્ગ ઉપર અખૂટ ધીરજ અને અવિરત ખંતથી એ આગળ ધપ્યે જ જાય છે.

શ્રીહરિની કૃપાથી જીવનમાં ભગવાન, ભક્તિ અને ભક્ત વિશે જેવું જેવું અનુભવ્યું છે એવું આ 'ભાવરેણુ'માં પૂરેપૂરું વાસ્તવિકતાથી આલેખ્યું છે. આ જોડકણાંમાંથી કોઈ પણ મથતા શ્રેયાર્થીને યથાયોગ્ય પાથેય મળી રહેશે એવી મને શ્રદ્ધા છે.

સુરત, **—મોટા**
સપ્ટેમ્બર, ૧૯૭૪



॥ હરિ:ૐ ॥

## સંપાદકના બે બોલ

### (પ્રથમ આવૃત્તિ)

'ભાવરેણુ' એ પૂજ્ય શ્રીમોટાની ભાવશ્રેણીનું બીજું પુસ્તક છે. આ પુસ્તકના સંપાદક તરીકે મારું નામ મૂકીને પૂજ્ય શ્રીમોટાએ મારા પરત્વેનો એમનો પ્રેમભાવ વ્યક્ત કર્યો છે. આવી ધન્યતાની પળે મારો આ અંગેનો અધિકાર કેટલો એવો પ્રશ્ન પણ મથામણ કરાવે છે.

આ પુસ્તકમાં જે શબ્દો છે એ તો ભાવનિષ્ઠામાંથી નીપજેલી પ્રસાદી છે. પૂજ્ય શ્રીમોટા જે ભાવાનુભવમાં નિરંતર પ્રતિષ્ઠિત છે એ ભાવગંગાનું આ તો માત્ર એક નાનકડું ઝરણ છે. પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકનું નામ 'ભાવરેણુ' આપ્યું છે એ યથાયોગ્ય જ છે.

પૂજ્ય શ્રીમોટાએ સાધનાકાળ દરમિયાન કેવી મથામણ અનુભવેલી એનો આછો આલેખ આ પુસ્તકમાં છે. દિવ્ય જીવન માટે ગરજ, લગની, જાગૃતિ વગેરે ટકાવી રાખવા અને વધારવા તેઓશ્રીએ કેવી ભારે જહેમત ઉઠાવેલી એનો યથાર્થ ખ્યાલ આમાંથી મળે છે. જીવનવિકાસના સાધક માટે પૂજ્ય શ્રીમોટાનું આ આત્મકથાત્મક વર્ણન પ્રેરક તેમ જ માર્ગદર્શક બની રહે એવું છે. તેઓશ્રીએ વિકાસની કેડી ઉપર કેવી ગૂઢ અને ભયંકર આપત્તિઓનો ખુમારી અને શહૂરથી મુકાબલો કરેલો તેનું તથા આંતરિક કક્ષાઓ પ્રાપ્ત કરવામાં કૃપાનું બળ અનુભવેલું તેનું સાંકેતિક છતાં ઘણી જ સ્પષ્ટ રીતે આલેખન કર્યું છે.

આ 'ભાવરેણુ' પુસ્તકના ભક્તિ વિષયક ખંડમાં ભક્તિ વિશે પૂજ્ય શ્રીમોટાએ તદ્દન મૌલિક અને પ્રકાશક નિરૂપણ કર્યું છે. પૂજ્ય શ્રીમોટાએ પ્રભુપ્રીત્યર્થ કર્મોને ભક્તિના સાકાર સ્વરૂપે

સ્વીકાર્યા છે. જીવનવિકાસના સાધકે આત્મનિવેદન વગેરે સાધનો દ્વારા પ્રભુ સાથે સંબંધ દૃઢ કરવાનો હોય છે, પરંતુ એવા સંબંધમાંથી નીપજતો ભાવ જો કર્મ કરતી પળે કર્મમાં સાકાર ન થાય તો એ ભક્તિ જ નથી એવો અર્થ પૂજ્ય શ્રીમોટાના આ નિરૂપણમાંથી સમજાય છે.

વળી, શ્રીહરિનો ભાવ કેવો હોય એનાં સ્વરૂપ-લક્ષણ પણ આ 'ભાવરેણુ'ના છેલ્લા ખંડમાંથી સમજાય છે. આપણા સમાજમાં ભક્તિને લગભગ ઘેલછાના સ્વરૂપમાં વ્યક્ત થતી જોઈએ છીએ. નિષ્ક્રિયતામાં રહેલાને એ નિશ્ચિંત છે એમ માનીને ભક્ત તરીકે પણ ઓળખાવી દેવાય છે. આ સમજ એ કેવળ ભ્રમણા છે, એનો ખ્યાલ પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકમાંથી જન્મે છે. ભક્તિ અને ભક્ત વિશે અત્યંત સ્પષ્ટતાપૂર્વકની સમજથી આપણો સમાજ ઘેલછા અને દંભથી દૂર થાય તો વ્યવહાર અને ભક્તિ એના શુદ્ધ સ્વરૂપમાં પ્રકાશી ઊઠે. પૂજ્ય શ્રીમોટાની આ પ્રકારની ભાવધારાની શ્રેણીઓ આપણી સમજને પ્રકાશિત કરવાનું કામ અવશ્ય બજાવશે એવી મને શ્રદ્ધા છે.

બાવળા, **કાંતિલાલ જગજીવનદાસ પટેલ**
તા. ૨-૯-૧૯૭૪



॥ હરિઃૐ ॥

## નિવેદન

### (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની ભાવશ્રેણીનું આ બીજું પુસ્તક 'ભાવરેણુ 'પ્રગટ કરતાં અમને આનંદ થાય છે. આ 'ભાવરેણુ'ની સવિશેષતા અંગે પૂજ્ય શ્રીમોટાએ તથા સંપાદકે લખેલું હોવાથી વિશેષ કશું જ લખતા નથી, પણ પૂજ્ય શ્રીમોટાનાં આ શ્રેણીનાં પુસ્તકો શ્રેયાર્થીને વિવિધ દૃષ્ટિએ પ્રેરક અને પ્રોત્સાહક નીવડે એવાં બની રહ્યાં છે.

આ પુસ્તકના પ્રકાશનનો તમામ ખર્ચ શ્રીમતી સવિતાબહેન કાંતિલાલ પટેલે આપ્યો છે. આ પુસ્તક માટે તેમણે જે પ્રેમપૂર્વક રકમ આપી છે, તે માટે તેમનો ઘણો આભાર માનીએ છીએ.

આ પુસ્તકના શ્લોકોને ભિન્ન ખંડોમાં વિભાજિત કરી, શક્ય તેટલા યોગ્ય ક્રમમાં ગોઠવી આપવાનું અને હસ્તલિખિત પ્રત કાળજીપૂર્વક જોઈ જવાનું કાર્ય ભાઈ શ્રી પ્રાધ્યાપક શ્રી રમેશભાઈ ભટ્ટે સહર્ષ કરી આપ્યું છે, તેમ જ આ પુસ્તકની સુવાચ્ય અક્ષરે પ્રેસનકલ કરી આપવાનું કાર્ય ભાઈ શ્રી કેતનભાઈ કાંતિભાઈ ફડિયાએ કર્યું છે. આ બંને ભાઈઓનો અમે ખરા હૃદયથી આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણની સંપૂર્ણ આવક લોકકલ્યાણ ખાતે જ જમા થાય છે. આથી, પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો દરેક જણ ખરીદીને જ વાંચવાનો આગ્રહ રાખે એવી અમારી નમ્ર વિનંતી છે. ઉપરાંત, સ્નેહી સ્વજનો આ પ્રકારનાં પુસ્તકો પોતાના સ્નેહી-મિત્રો વગેરેને વેચી આપીને લોકકલ્યાણની પ્રવૃત્તિને વેગવંતી બનાવવામાં સહાય કરે એવી અમારી વિનંતી છે.

આ પુસ્તકને સુંદર રીતે અને ત્વરાથી ભાવપૂર્વક છાપી આપવાનું કામ મેસર્સ એલેમ્બિક પ્રેસે કરી આપ્યું છે. એમના અમારા પરત્વેના ભાવ બદલ અમે ઘણા જ આભારી છીએ.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **નંદુભાઈ**
તા. ૧૫-૯-૧૯૭૪ વ્યવસ્થાપક ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

## નિવેદન

### (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત 'ભાવરેણુ' તથા આ જ શ્રેણીનાં બીજાં ચાર પુસ્તકો એમ કુલ પાંચ પુસ્તકોનું પુનર્મુદ્રણ પ્રગટ કરતાં આનંદ થાય છે. આ પ્રકારનાં પુસ્તકોમાં પૂજ્ય શ્રીમોટાના પરમાત્માનુભવનું હાર્દ સૂચિત હોવાથી એનું ઘણું મૂલ્ય છે.

આ પુસ્તકોની આ નવી આવૃત્તિના પરામર્શક તરીકે ડૉ. રમેશભાઈ ભટ્ટે અમને સહાય કરી છે. પહેલી આવૃત્તિના પ્રકાશનમાં જ્યાં જ્યાં મુદ્રણદોષો હતા એ સુધાર્યા છે અને પાઠ (Text)ને વધુ આધારભૂત બનાવ્યા છે. અમે રમેશભાઈનો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં આ પાંચેય પુસ્તકો સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાએ છાપીને હરિઃૐ આશ્રમને ભેટ આપ્યાં છે. આ બંને યુવાન સંચાલકોએ એમના સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈ પંડ્યાની ઉજ્જ્વળ પરંપરાને જાળવી રાખીને, પૂજ્ય શ્રીમોટા તથા હરિઃૐ આશ્રમ પરત્વે અવિરત ભાવ વ્યક્ત કર્યા કર્યો છે એમના માટે આભારના શબ્દો તો ઓછા પડે. અમે એમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં ચાહકોને તથા સ્વજનોને અમારી નમ્ર વિનંતી છે કે આવાં પુસ્તકો તેઓ ખરીદીને વાંચે તથા અન્ય મિત્રોને ખરીદવા પ્રેરે. પૂજ્ય શ્રીમોટાએ પ્રસ્થાપિત કરેલી ભાવના પ્રમાણે પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાંથી થતી આવક લોકકલ્યાણનાં કામોમાં જ વપરાય છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **સી. ડી. શાહ**

તા. ૨૧-૪-૧૯૯૩ — વ્યવસ્થાપક ટ્રસ્ટી



॥ હરિઃૐ ॥

## 'શ્રીહરિકીર્તનનો પ્રસાદ'

### (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં પદ્યપુસ્તકોમાં આ પાંચ પુસ્તકો★ અનોખા છે. 'જીવનઅનુભવગીત' તથા એ શ્રેણીનાં પુસ્તકોમાં તેઓશ્રીએ ગઝલરૂપમાં પોતાના સાધનામય જીવનનો ઇતિહાસ વ્યક્ત કર્યો છે. જ્યારે આ પુસ્તકોમાં પોતે કરેલાં સાધનોને પરિણામે થયેલા અનુભવોનો અણસાર આપ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ જીવનની સાધના દરમિયાન અનેક સાધનોનો ઉપયોગ કરેલો. એમાંથી તેઓશ્રીએ માત્ર નામસ્મરણ, પ્રાર્થના, આત્મનિવેદન, સત્સંગ, સન્મુખતા વગેરે જેવાં સાધનો વિશે લખ્યું છે. એ સિવાયનાં સાધનો વિશે ઉલ્લેખ પણ કર્યો નથી. એ સાધનો વિશે ગુપ્તતા રાખવા પાછળનો હેતુ કલ્યાણકારી જ હતો, કેમ કે તેઓશ્રી પરમાત્મરૂપ પામ્યા પછી સંસારમાં સંસારી વેશે વિચર્યા તથા એ રીતે વ્યક્ત થયા. સંસારી રીતરસમમાં જીવતા લોકો પાત્રતા કેળવ્યા વિના ગૂઢ કે સૂક્ષ્મ સાધનનો જો પ્રયોગ પણ કરે તો એવી વ્યક્તિનાં અંતઃકરણોને ભારે નુકસાન પહોંચે. આ નુકસાનમાંથી ઉગારવા જ તેઓશ્રીએ એવાં સાધનો વિશે કશું પણ લખ્યું નથી, પણ જે સાધનો દર્શાવ્યાં છે, એ સાધનોનો ભાવનાથી અભ્યાસ કરીને જો જીવાત્મા વિકસતો જાય તો તેને અન્ય જરૂરી સાધનોની પ્રેરણા મળ્યા જ કરે એવી ખાતરી પણ તેઓશ્રીએ આપી છે.

આ પુસ્તકોમાં અનુષ્ટુપ છંદમાં પોતાનો અનુભવ ટૂંકમાં અને સચોટ રીતે રજૂ કર્યો છે. આ પાંચેય પુસ્તકોમાં ૪, ૬ કે ૮ લીટીમાં વ્યક્ત થયેલા અનુભવના અણસારને તેઓશ્રીએ શ્રીહરિકીર્તનના પ્રસાદરૂપે ઓળખાવ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ ખૂબ સૂચક રીતે માર્મિક રીતે પોતાના પરમ અનુભવની હકીકત આ શબ્દો દ્વારા વ્યક્ત કરી છે. ભગવાનની કીર્તિ ગાવી એનું નામ કીર્તન. જેણે ભગવાનનો

★'ભાવકણિકા', 'ભાવજ્યોતિ', 'ભાવહર્ષા', 'ભાવરેણુ' અને 'ભાવપુષ્પ'

અનુભવ કર્યો હોય અને 'પોતે' સ્વરૂપે શ્રીહરિના ગુણધર્મોને સહજ રીતે વ્યક્ત થવા દેતા હોય એવા જ કોક 'વિરલા વીર' આવું હરિકીર્તન કરી શકે. આવું હરિકીર્તન આ પુસ્તકોમાં વ્યક્ત થયું છે. 'પોતે' હરિરૂપ છે. છતાં તે પોતાના 'સ્વ' રૂપનું કીર્તન કરે છે -એ લાક્ષણિકતાનો અનુભવ આપણને-વાચકને થયા જ કરે છે. પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકોમાં શબ્દ દ્વારા વ્યક્ત થયેલા આવા કીર્તનભાવનો પ્રસાદ આપણને સૌને વહેંચ્યો છે. પ્રસાદ એટલે આનંદ. તેઓશ્રીના હૃદયમાં પૂર્ણરૂપે પ્રગટેલ પરમાત્માના આનંદરૂપના ઊછળતા ઉદધિના અનંત જળરાશિમાંથી થતો આ માત્ર છંટકાવ છે.

પૂજ્ય શ્રીમોટા દ્વારા આ પુસ્તકોમાં જે શબ્દો પ્રગટ થયા છે એ 'હરિવાણી' છે, કેમ કે એ મનના વિચારોમાંથી કે ચિત્તની કલ્પનાશક્તિથી વ્યક્ત થયેલા નથી, પરંતુ પોતાના હૃદયમાં પ્રગટેલા અનુભવને વ્યક્ત કરતી શબ્દરૂપ પામતી વાણી છે. એનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે આ બધી જ રચનાઓ પૂજ્ય શ્રીમોટાના શરીરના અનેક રોગોની વેદનાકારી સ્થિતિમાં વ્યક્ત થઈ છે. આટલી ભૂમિકાનો વિચાર કરવાથી આ વાણીનું મૂલ્ય આપણે સમજી શકીશું. આ પાંચેય ગ્રંથોમાંનું પ્રત્યેક પુસ્તક મનનીય-ચિંતનીય છે. માત્ર એક જ બેઠકે વાંચી જવા માટે આ પુસ્તકો નથી. એ શબ્દોના હાર્દમાં મનનચિંતવન દ્વારા પ્રવેશવાથી જિજ્ઞાસુની મતિમાં પરમાત્માનો પ્રકાશ અનુભવાય છે અને એ સાથે પૂજ્ય શ્રીમોટાના પરમાત્મરૂપ સાથે તત્ક્ષણ એકરૂપતા સધાય છે. તેઓશ્રીના દેહત્યાગ પૂર્વેનાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલી આ રચનાઓનું અનેક વખત પરિશીલન કરતાં અનુભવેલી હકીકત છે. વીસ વર્ષ પછી નવી આવૃત્તિ માટે પરામર્શ કરતાં પણ નૂતન અર્થબોધ પામી શકાયો છે.

આ પાંચેય પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રગટ થઈ એ પૂજ્ય શ્રીમોટાના વિપુલ આધ્યાત્મિક સાહિત્યનાં પ્રકાશનોમાં નિર્માણની-સજાવટની-દૃષ્ટિએ પણ અનોખી હતી. ક્રાઉન સાઈઝમાં, હાથ બનાવટના ઊંચી ગુણવત્તાવાળા કાગળો ઉપર ખાસ પ્રકારની



સાઇઝવાળા ટાઈપમાં લીલી શાહીથી આ પુસ્તકો છપાયેલાં હતાં. દરેક પાના ઉપર માત્ર એક જ કડી હતી. આ આવૃત્તિમાં એક પાના ઉપર ત્રણ કડીઓ સમાવી છે. અને ૧૬ પેજી ક્રાઉન સાઇઝ પસંદ કરી છે. પૂજ્ય શ્રીમોટાની વાણી પડતર કરતાં પણ ઓછી કિંમતે બહોળા જનસમાજ સુધી પહોંચે એવા આશયથી પુસ્તક નિર્માણમાં આટલો ફેરફાર કર્યો છે.

બે દાયકા પછી પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારના પદ્યગ્રંથોનું પુનર્મુદ્રણ આજની પેઢી માટે તો તદ્દન નવું જ બની રહેવાનું. પૂજ્ય શ્રીમોટા કહેતા હતા કે 'આ પ્રકારની ચોપડીઓનું મૂલ્ય તો હવે પછીનાં પચીસ વર્ષ પછી થશે !'

સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી શ્રેયસભાઈ તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યા આજની પેઢી માટે જે મૂલ્યવાન સામગ્રી પ્રગટ કરવાના નિમિત્ત બન્યા છે, એ બદલ એમને ધન્યવાદ ઘટે છે. આ બંને યુવાન ભાઈઓની પૂજ્ય શ્રીમોટાની સેવા કરવાની તત્પરતા હું સતત અનુભવું છું. જે ઉત્સાહ, ઉમંગ અને ખંતથી મારા સદ્‌ગત મિત્ર વિષ્ણુભાઈ, પારમાર્થિક કામ કરતા હતા, એ જ રીતે આ બંને ભાઈઓ કામ કરી રહ્યા છે, એ જોઈને હું ગર્વ અનુભવું છું. પૂજ્ય શ્રીમોટાના કામને, પોતાના વ્યવસાયના ઘણા દબાણ વચ્ચે પણ, અગ્રતા આપવાની એમની તત્પરતામાં જ એમનો ભક્તિભાવ મેં પ્રમાણ્યો છે. પૂજ્ય શ્રીમોટાનું જન્મશતાબ્દી વર્ષ ૧૯૯૮ના સપ્ટેમ્બરથી શરૂ થશે. એ પહેલાં તેઓશ્રીનું અલૌકિક પદ્યસાહિત્ય પુનર્મુદ્રણ પામવાનું છે. એ કાર્યના શ્રીગણેશ સાહિત્ય મુદ્રણાલયના આ કાર્યથી થાય છે એ આનંદદાયક ઘટના છે.

હરિઃૐ આશ્રમો (નડિયાદ, સુરત)ના ટ્રસ્ટીઓ પૂજ્ય શ્રીમોટાના ગ્રંથપ્રકાશનના કાર્યમાં મને સામેલ કરે છે, એ બદલ એમનો આભારી છું.

અમદાવાદ, **રમેશ મ. ભટ્ટ**

તા. ૨૧-૪-૧૯૯૩ (રામનવમી)

॥ હરિઃૐ ॥

## અમારે કહેવાનું કે-

### (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં પાંચ પુસ્તકોની શ્રેણીનું નવા સ્વરૂપે પુનર્મુદ્રણ કરી આપવાનું અમને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે, એ પ્રસંગે અમે કૃતજ્ઞતાની અને ધન્યતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આમ તો દર વર્ષે પૂજ્ય શ્રીમોટાનું એકાદ દળદાર પુસ્તક છાપી આપવાની પ્રવૃત્તિ સાહિત્ય મુદ્રણાલય તરફથી છેલ્લાં વીસ વર્ષથી થાય છે. અમારા સદ્ગત પિતાશ્રી વિષ્ણુભાઈ, પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવ્યા ત્યારથી (૧૯૬૮) આજ સુધી પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાશક્તિનો અમને અમારા કાર્યમાં તથા એના પરિણામમાં પરિચય મળતો રહ્યો છે. સાહિત્ય મુદ્રણાલયની સ્થાપનાના આરંભનાં વર્ષોમાં જે આકરી પરિસ્થિતિ અને સંજોગોમાંથી અમારા પરિવારને તથા સાહિત્ય મુદ્રણાલયને પસાર થવાનું થયેલું એવી જ પળે અમને પૂજ્ય શ્રીમોટાનો સહારો પ્રાપ્ત થયેલો. સાહિત્ય મુદ્રણાલય દ્વારા અમારા પિતા જે અવિરત પરિશ્રમમાં, ઉદ્યમમાં રહેતા હતા તથા અમારાં સદ્ગત માતુશ્રી ભગવતીબહેન પણ પિતાના ખંત ઉદ્યમને વેગ આપવા-પરિવારની જવાબદારી સંભાળવા-જે અથાગ મહેનત કરતાં હતાં એનું પણ આ પળે સ્મરણ થાય છે. સદ્ગત ભગવતીબહેનના જીવનની કટોકટીભરી અંતિમ ક્ષણોમાં પૂજ્ય શ્રીમોટાએ જાતે વા. સા. હૉસ્પિટલમાં પધારીને એમનાં મસ્તક પાસે ગુલાબનાં ફૂલો મૂકેલાં-એ ઘટના પણ અવિસ્મરણીય છે. અમારા પરિવારનો ઉત્કર્ષ તથા અમારા વ્યવસાયનો વિકાસ એ પૂજ્ય શ્રીમોટાની પરમ કરુણાને લીધે છે, એનું અમને સ્મરણ રહ્યા કરે છે, એ અમારા જીવનની ધન્યતા છે.



સાહિત્ય મુદ્રણાલય દ્વારા પૂજ્ય શ્રીમોટાનાં આ પાંચ પુસ્તકોની શ્રેણીનું પ્રકાશન એ તો અમારા દ્વારા તેઓશ્રીનાં ચરણકમળની આ પંચપાત્ર દ્વારા થતી પૂજનવિધિનો એક પ્રકાર અમે સમજીએ છીએ. તેઓશ્રીએ પ્રત્યક્ષ રીતે અમારા વ્યવસાયના વિકાસમાં જે રસ લીધેલો તથા આજે પણ તેઓશ્રી ચેતનરૂપે અમારા કાર્યમાં પ્રેરણા આપે છે. એમના પ્રત્યેનો કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવાની આ તો એક પ્રતીકાત્મક પુષ્પાંજલિ છે.

પાંચ વર્ષ પછી પૂજ્ય શ્રીમોટાની જન્મશતાબ્દીનું વર્ષ આવી રહ્યું છે. આ પહેલાં પૂજ્ય શ્રીમોટાના સાધનામય જીવનને વ્યક્ત કરતાં પદ્યપુસ્તકોનું પ્રકાશન થઈ જાય એવી ભાવના મુ. રમેશભાઈએ અમારી સમક્ષ વ્યક્ત કરી અને આ શ્રેણીનાં પાંચ પુસ્તકોથી એનો આરંભ થાય એવું સૂચન કર્યું. હરિઃૐ આશ્રમે આ શ્રેણીનાં પ્રકાશનનો આરંભ કરવાની અમને તક આપી, એ બદલ અમે એમના આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયમાં અમારા સદ્ગત પિતાશ્રી વિષ્ણુભાઈએ જે ઊજળી પરંપરા ઊભી કરી છે એને અમારાથી અનુસરી શકાય છે, એ જ તેઓશ્રીનું તર્પણ છે એમ અમે સમજીએ છીએ. એવી પરંપરાના એક ભાગરૂપે પૂજ્ય શ્રીમોટાના ગ્રંથો પૈકી આ પંચપાત્રના નવનિર્માણને તેઓશ્રીનાં ચરણે સમર્પિત કરીને અમે ધન્યતા અનુભવીએ છીએ.

અમદાવાદ, **શ્રેયસ વિ. પંડ્યા**
તા. ૨૧-૪-૧૯૯૩ **યજ્ઞેશ વિ. પંડ્યા**
**હિમાદ્રી વિ. પંડ્યા**

॥ હરિઃૐ ॥

## નિવેદન

### (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા રચિત **'ભાવરેણુ'**ની પ્રથમ આવૃત્તિ સને ૧૯૭૪માં અને તે બાદ તેની બીજી આવૃત્તિ સને ૧૯૯૩માં પ્રકાશિત થઈ હતી.

જીવનવિકાસની ભાવનાવાળા શ્રેયાર્થીનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સંસાર પ્રરત્વે અને કર્મ આચરવા પરત્વે કેવાં હોવાં જોઈએ એનો આ પુસ્તકમાંનાં જોડકણાંમાં શ્રીમોટાએ સ્પષ્ટ નિર્દેશ કરેલો છે. એના વાચન-મનનથી જીવનનો ઉઠાવ થઈ શકશે.

આ પુસ્તકની પ્રતો અપ્રાપ્ય હોવાથી અને એના પ્રકાશન માટે આર્થિક સહયોગ આપનાર દાતાને ટ્રસ્ટીમંડળની વિનંતી હોવા છતાં પોતાનું નામ ગુપ્ત રાખવા ઇચ્છનાર, પૂજ્ય શ્રીમોટાના એક સ્વજન તરફથી અમોને આર્થિક સહાય મળતાં, આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન સ્વજનોના કરકમળમાં મૂકતાં આનંદ થાય છે. એ દાતાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આ આવૃત્તિને પણ સ્વજનો આવકારશે એવી અમોને આશા છે.

તા. ૧૪-૧-૨૦૦૫ **ટ્રસ્ટીમંડળ,**
(મકરસંક્રાંતિ) હરિઃૐ આશ્રમ, સુરત



॥ હરિઃૐ ॥

ધારેલું દિલમાંનું જે
તેને પાર ઉતારવા,
જેનો મરણિયો પાકો
નિશ્ચય, તે જીતે સદા.

તા. ૭-૧૧-૧૯૭૨ **મોટા**

# ભાવરેણુ

❏

પૂજ્ય શ્રીમોટા



**'હું સર્વત્ર વિદ્યમાન છું.'**

'જીવન દર્શન', ૧૧મી આ., પૃ. ૪૩૧ - **શ્રીમોટા**

હરિઃૐ

## ખંડ ૧ : भूमिका

(અનુષ્ટુપ)

જીવને જીવવું ખાલી, ખાલી અર્થ વિનાનું તે,
એવું જીવવું ના યોગ્ય, એ તો મૃત્યુ સમાન છે;
જીવન જીવતાં એવું મૃત્યુને વ્હોરી સૌ જીવે,
મિથ્યા તે જીવવામાં શો સાર સંસારમાં હશે ?



ગંદું ને ગોબરું કેવું તનથી નીકળ્યા કરે !
તોયે શરીરસંભાળ આપણે કેવી રાખીએ !
છતાં શાં કોઈ આત્માની પરવા કરતું ન છે !
ચેતન, શક્તિ કે બ્રહ્મ, આત્મા સર્વ સમાન છે.

□

ખાલી ખાલી જ સંસારે અથડાવું નકામું છે,
મક્કમ દિલમાં એવું ભારોભાર ઠસાયું છે;
તેથી હરિની ભક્તિમાં જીવન ખર્ચવાનું છે,
હરિને વરવા જેવી તપશ્ચર્યા ન કોઈ છે.

□

'ખેલ્યો ખેલ્યો બહુ ખેલ્યો ભૂલીને નિજ મૂળને,
મૂળને વીસરાયાથી જિંદગી વેડફાય છે';
તીવ્ર તે ભાન જ્યાં જાગ્યું સફાળું શું ઉઠાયું છે!
જિંદગી પામવા યત્ને કેવો મંડી પડેલ જે!

એક દિવસ સંસારે ફના થવાનું હોય છે,
તો પછી હરિને માટે કાં ફના પૂરું ના થવું ?
ફના થતાં થતાં કેવો આનંદ દિલ ઊછળે !
હરિની યાદ તેજસ્વી તે વેળા કેવી હોય છે !

□

કેવા જીવનમાં રંગ અનેક રીતના જ છે !
રંગમાં ખેલીને રંગે હોળી શી ખેલવાની છે !
ખેલતાં ખેલતાં રંગે કેવી મસ્તી ચડેલ છે !
એવી મસ્તીતણા તાને રસ શો ભરપૂર છે !

□

રંગે જીવનમાં હોળી ખેલવાની ખરેખરી
-ત્યારે શો મસ્તીનો પાનો નશા જેવો ચડેલ છે !
મર્યાદા કેવી ઓળંગી ક્યાંયનું ક્યાંય દૂર તે
-ધક્કેલાઈ જઈ કેવો કિનારે અંત લાવશે !



ચેતતાં ચેતતાં, કેવું ચેતી તે પૂરું જાય છે !
સ્વરૂપ અગ્નિનું ત્યારે તેનું તે કેવું હોય છે !
જીવનમાંહી અગ્નિ શો પવિત્રમાં પવિત્ર છે !
અગ્નિ પાવનકારી જે, બાળી ભસ્મ કરી જ દે.

□

જ્યારે જીવનમાં ભાવ મોખરે ઊર્ધ્વ હોય છે,
એકધારો વહે ત્યારે કેવો ભાવ શું જીવને !
દ્વંદ્વ ને ગુણ ના હોય ભાવમાં તો કદી પણ,
શો સર્વોપરી તો ભાવ તેથી તે હોય જીવન !

□

ઉત્તમોત્તમ ને શ્રેષ્ઠ ભાગ જીવનનો જ જે,
શો નિરંતરનો ભાવ સંપૂર્ણ જાણ જીવન !
એવા જીવનનું નિત્ય સાકાર રૂપ ભાવ છે,
તેવા શા ભાગ્યશાળી જે ઠરેલા હરિનાં પદે !

હરિનાં પાદપદ્મોમાં વસવાટ કરી પૂરો,
હરિને નિજનો પૂરો બનાવીને ખરેખરો;
હરિમાં એકધારો શો રમીને, રાચીને હૃદે,
હરિ રીઝવવા પાકા મેં શપથ લીધેલ છે !

□

હરિની દુનિયા માત્ર એકલા ભાવની શી તે !
ભાવની લક્ષ્મીથી કેવો તે ખરીદી શકાય છે !
પોતાનો કરી લેવાનો હરિ નિજ જીવને
-કશું બાકી ન રાખ્યું છે, કીધો શો પુરુષાર્થ છે !

□

હરિને ખરીદી લેવા શા શા યત્ન થયેલ છે !
ને એવા યત્નથી ભાવ કેવો બઢ્યા કરેલ છે !
સંપૂર્ણ ભાવથી માત્ર તે ખરીદી શકાય છે,
તેથી ભાવ બઢાવાને ખંતે, હર્ષે મથાયું છે.



હરિમાં જીવવા માટે ભાવ શો અનિવાર્ય છે !
સાધનાભ્યાસથી ભાવ બઢે શો નિત્ય નિત્ય તે !
સાધનાભ્યાસ તે ભાવે અખંડ થઈ જાય છે,
ત્યારે શો ભાવનો જુસ્સો અપરંપાર હોય છે !

□

જીવ્યાનું પામવા લ્હાણ હરિને ભજવા ચહ્યું,
ચાહ્યું ના માત્ર કિંતુ તે ઉતાર્યું અંતરે ઊંડું;
પહેલાં કલ્પનાથી તે સાકાર કરીને ઊંડે,
ત્યાં પ્રતિષ્ઠા કરાવીને સ્થાપ્યો છે ભાવને હૃદે.

□

હરિની બોલબાલા તો હરિના ભાવને લીધે,
હરિનો ભાવ તો કેવો ગર્જતો, નર્તતો શું તે !
હરિનો ભાવ પ્રત્યક્ષ દેખાય જીવને ન તે,
છતાં અસ્તિત્વ તેનું તો વર્તાયે ગુણભાવથી.

□

હરિઃૐ

## ખંડ ૨ : **શ્રીહરિ**

(અનુષ્ટુપ)

છાનોમાનો છૂપો છૂપો બધાંનામાં રહેલ છે,
એવા તે હરિને પૂરું ખોળી શક્યું ન કોઈ છે;
રમે છે તે બધાં સાથે, કરે છે ખેલ પ્રેમથી,
કિંતુ કોઈ હરિ સાથે રમે છે નવ દિલથી.



હળી, ભળી, ગળી જાય હરિ તો સહુ સાથથી,
કિંતુ દિલ મૂકી કોઈ હરિમાં ભળતું નથી;
હરિને સૌ વહાલાં છે, જુદાં કોઈ હરિથી ના,
છતાં જે તે બધાં કેવાં અળગાં હરિથી જુદાં !

□

ગણે સૌને જ પોતાનાં, પોતામાં જ સમાવી લે,
બધાં પરે જઈ વારી બાથ લે નિજ ભાવથી;
બધાં આશ્ચર્યમાં ભારે હરિની શી અજાયબી !
એના સૌંદર્યની તોલે સૌંદર્ય કોઈનું ન છે.

□

સંબંધ જે હરિ પોતે રાખે છે સાથ આપણી,
તેવો સંબંધ કોઈથી રખાતો છે નહીં કદી;
કોઈથી તે ન દેખાતો, સૌને તેમ છતાં જુએ,
એવો તો એકલો માત્ર નૌતમ શો હરિ જ છે !

અજોડ ને અનોખો તે, મૌલિક શો બધી રીતે !
ગુપ્તમાં ગુપ્ત શો પોતે ! કોઈથી ના જણાય છે;
હરિ વિના કશું ખાલી વિશ્વમાં નવ હોય છે,
હરિથી પૂર્ણ જે તે સૌ ભરપૂર ભરેલ છે.

□

હરિ શો એકલો માત્ર પવિત્રમાં પવિત્ર છે !
હરિ જેવું બીજું ક્યાંયે ભવ્ય, દિવ્ય ન તીર્થ છે,
પાવનકારી શી ગંગા હરિનું ચરણોદક !
હરિને ભજનારા તો ભક્ત વિરલ કોઈક.

□

મિત્ર ખરેખરો ક્યાંયે હરિ જેવો મળે નહીં,
વફાદાર હરિ જેવો બીજો કોઈ જગે નહીં;
સંબંધ દિલનો એનો છે બંધાયેલ જેહને,
તેને તે ખપમાં લાગે જ્યારે ખરી જરૂર છે.



એનું વચન આપેલું કદી મિથ્યા જતું નથી,
બોલેલું પાળવાવાળો હરિ જેવો બીજો નથી;
કરેલું વ્હાલ હૈયાથી હરિને ખૂબ પ્રેમથી,
બદલો વ્હાલનો એવા આપી દેતો જ શ્રીહરિ.

□

ચાલાક વ્યવહારે શો સંસારે હરિ પૂર્ણ છે !
હરિ જેવું ન કો મોટું ખરો મોટો હરિ જ છે;
હરિ જેવો બીજો કોઈ હોશિયાર ન ક્યાંય છે,
ચાલાક હરિના જેવો સંપૂર્ણ માત્ર એક તે.

□

ખરી અક્કલ શી એની ! કોઈ એની બરાબરી
-કરી શકે ન એવું તે કોઈ પાકી શક્યું નથી;
બધી રીતે, બધી વાતે હરિની શક્તિ ઑર છે,
તેજસ્વી તે હરિ જેવો જોવા ક્યાંય મળે ન છે.

હરિને જે ભજે ભાવે એકધારું અખંડ તે,
તેનું નસીબ તો કેવું કૃપાથી ફરી જાય છે !
આપે જે હરિને, તેનું હરિ બાકી ન રાખશે,
હરિ તેને સવાયું દે કોઈ ને કોઈ શી રીતે !

□

હરિને ભાવથી કોઈ જે સંપૂર્ણપણે ભજે,
પોતે અવતરે કેવો તેનામાં ચહીને હૃદે !
પોતાનો ભક્ત ને પોતે જુદા જુદા કદી ન છે,
એકબીજા વિશે  કેવા તે પરસ્પર एक છે !

□

હરિમાં જે જીવે ભાવે સદાનો  જીવ તે સુખી,
કોઈ વાતે ન તેને છે દુઃખ કોઈ પ્રકારથી;
ઓતપ્રોત હરિનામાં આઠે પ્હોર પ્રસન્ન છે,
ઊછળે ભરતીછોળો જેવો આનંદ એહને.





હરિ શો ભાવનો ભૂખ્યો ! કિંતુ ખરે ન તેમ છે,
કોઈ પ્રકારની ભૂખ હરિને નવ હોય છે;
પોતાને માટ શો ભક્ત ઠાલવે ભાવ શ્રીપદે,
ભાવથી રીઝવ્યા વિના ભક્તને ચાલતું ન છે.

□

અચિંત્ય હરિ કેવો છે સંપૂર્ણ રૂપભાવથી !
શકે ના ઓળખી કોઈ, એવો શો તે અજોડ છે !
રીતરસમ કોઈયે એને ના કોઈ રીતનાં,
સરખાવી શકાયે ના એને કોઈની સાથમાં,

□

કેવો સ્વયંભૂ સર્વત્ર હરિ તો પ્રસરેલ છે !
શો સમાયેલ સંપૂર્ણ જેના તેના વિશે બધે !
છતાં ના કોઈના જેવો, અસામાન્ય, અજોડ છે,
એવા તે હરિને ભાવે ભજ્યાથી નિત્ય સુખ છે.

હરિ શો એકલો માત્ર સમર્થોમાં સમર્થ છે !
ભક્તની આગળે તુચ્છ પોતાને માનશે હૃદે,
તુલનાત્મક અભ્યાસ એવા હરિતણો પછી
-ક્યાંથી કરી શકે કોઈ ? મિથ્યા એવો પ્રયત્ન છે.

□

હરિ તો ભક્તને આંચ કદી ના આવવા જ દે,
ને જો કદીક આવે તો એને ઉકેલી દે જ તે;
'ભક્તને દુઃખ કે વિઘ્ન કદીયે આવી ના શકે',
એવી તે માન્યતામાં તો ઝાઝો દમ કશો ન છે.

□

મદદગાર એ જેવો સંસારે કોઈયે ન છે,
જવાબદાર એ જેવો કશે ક્યાંય મળે ન છે;
હરિ જેવો બીજો ડાહ્યો કહીં શોધ્યો જડે ન છે,
અડગ હરિના જેવો જેનો જોટો મળે ન છે.



હરિ તો શો બધાંનો છે, એકલો કોઈનો ન તે.
હૈયે બનાવવા ભાવે હરિને શો મથેલ જે !
પુરુષાર્થનું ત્યારે તે દોરડું તો ટૂંકું પડે,
હૈયાની <u>પ્રેમશક્તિથી</u> હરિ પ્રસન્ન થાય છે.
પ્રેમભક્તિથી

□

હરિની ભક્તિનો ભાવ જીવને પાંગર્યા વિના
-રહી શકે ન તે કેમે, એવો એનો પ્રભાવ શો !
મૂડીની ઓથ લાગે છે, લાગે છે શક્તિ મૂડીની,
તો પછી ભાવ શી રીતે છાનોમાનો શકે રહી ?

□

'હરિ'ના ખાલી છે બોલ, 'હરિ'ના માત્ર શબ્દ છે,
'હરિ' ઉચ્ચાર ના ખાલી, હરિશક્તિ અપાર છે;
સર્જાયેલી હરિથી છે સૃષ્ટિ સકળ જે ખરે,
હરિ શો સર્વનો પ્રાણ! એવો તે મુજ પ્રાણ છે.

હવે તો શો હરિ માત્ર મારું જીવન છે બધું,
હરિને લક્ષમાં ધારી સર્વ જે તે કર્યાં કરું;
હવે તો એકલો માત્ર મારા જીવનનો ખરે
-સૂત્રાધાર હરિ કેવો માથે ગર્જે જીવંત તે!

□

જે કોઈ ભક્ત સંપૂર્ણ તેવાને ભજવાતણી
-કશી ના આડખીલી છે, તેવો સતત શ્રીહરિ
-અખંડ દિલમાં કેવો જીવતો રાખતો, અને
-પળેપળે હરિનામાં રમે, ખેલે અનંત તે !

□

હરિઃૐ

## ખંડ ૩ : **साधना**

(અનુષ્ટુપ)

હરિનું સ્મરવું જ્યારે લેવા માંડેલ છે હૃદે,
લેતાં લેતાં, વળી પાછું છટકતું શું ર્‌હેલ તે !
છતાં કેડો ન મૂક્યો છે મેં એનો કદીયે હૃદે,
તૂટે ત્યાંથી ફરી પાછું લીધા એને કરેલ છે;
સ્મરતાં સ્મરતાં એમ પડતાં ટેવ નિત્યની,
શો અભ્યાસ પડેલો છે સ્મરવાનો જ ભાવથી !

સ્મરણ એમનું એમ લેવાયું ના હતું હૃદે,
આગ્રહ, વ્રત ને ટેક તે અર્થે શાં ધરેલ છે !
લેવાયા વિણ તો એને અન્ન ત્યજી દીધેલ છે,
સ્મરવાનો ઊંડો સેવ્યા આદર્શ શો કરેલ છે !

□

સ્મર્યાં તો કરવાનો જે નિત્યનો વ્યવહાર શો
-બનાવી જે મૂકેલાને ભૂલેચૂકે ન હું ચૂક્યો;
કદીક જો બન્યું એવું પાણીનું ટીપું એકયે
-હોઠે અડાડ્યું ના મેં છે, તેવો પાળ્યો જ ટેક છે.

□

હરિને સ્મરવાકેરો નાદ લાગેલ જે હૃદે,
સ્મર્યા વિના ન તે કેમે નિરાંતે બેસવા જ દે;
એવી અખંડતા ભાવે થતી સ્મરણની હૃદે,
ત્યારનાં લ્હેર-આનંદ એનાં શાં ઑર હોય છે !



અંતરે પાડવા ટેવ સ્મરણની ખરેખરી,
આગ્રહે પકડી રાખી સ્મર્યાં કર્યું ઊંડું ચહી;
ભુલાતાં ઠપકાર્યો છે 'કેટલી વાર શો મને !
લીધેલો ઊધડો કેવો મેં તો ખરેખરો મને !'

□

લેતાં લેતાં ઊંડું ઊંડું સ્મરણ શ્રીહરિતણું,
અભ્યાસ પડતાં ર્‌હેતાં, કેવું તે મીઠું લાગતું !
કિંતુ શરૂ શરૂમાં તો લેવાતું કૈં નહોતું તે,
છતાં લેવાની તે ટેવ પાડ્યા કેવી કરેલ છે !

□

ઊચી ગયેલ જે ગાય દૂધ આપી ન તે શકે,
એવું મન વ્યભિચારી, હરિ ભજી નહીં શકે;
કિંતુ અભ્યાસ ને ખંતે પુરુષાર્થે શું ન શક્ય છે ?
એવા વિશ્વાસથી ઊંડા નિત્યે મથ્યા કરેલ છે.

જાગતાં જાગતાં કેવું ભારે ફેણ પડેલ છે !
ધારીએ તેટલું સ્હેલું હોતું નથી જરાય તે;
શો નિત્ય નિત્ય અભ્યાસ ચીટકીને શું ચીટકી
-કર્યાં તે કરવાનું મેં રાખ્યા કરેલ પ્રેમથી !
ગરજ, સ્વાર્થ લાગ્યાથી ખંતે કરાતું કર્મ તે,
કદીક અટકાવાતાં, ધક્કેલાયો કૃપાથી શો !

□

સ્મરતાં, ભજવાકેરો નિત્ય અભ્યાસ જ્યાં થતાં,
ધોધ ઊછળતા જેવો આનંદ ઊછળે તદા;
નિત્ય સ્મરણ અભ્યાસે ભાવના જાગતાં હૃદે,
જીવદશાની વૃત્તિનો ત્યાગ મેળે થયા કરે.

□

લત સ્મરવાતણી લાગી કોઈક સૂક્ષ્મ કારણે,
લતને કારણે કેવો જાગ્યો ઉન્માદ દિલ છે !
અભ્યાસ સ્મરવામાંથી કેવો પડેલ જીવને !
એવા અભ્યાસમાંથી શો વૈરાગ્ય પ્રગટેલ છે !



સ્મરવાના અભ્યાસેથી જાગવાનું થયેલ છે,
સ્મર્યાનો કેટલો મોટો શો ચમત્કાર એહ છે !
શો દીર્ઘકાળ પર્યંત અભ્યાસ સ્મરવાતણો
-શો સદ્ભાવથી સેવેલો ! હરિકૃપાથી શો ફળ્યો !

□

સ્મરણ એકલું ખાસ જેનો વ્યવસાય માત્ર છે,
એવાને તો સ્મર્યા વિના છૂટકો ના કશો જ છે;
બળાત્કાર ન કિંતુ છે એમાં કોઈ પ્રકારનો,
ઊલટો સ્મરવામાં તો એનો આનંદ ઑર શો !

□

અભ્યાસ સ્મરવાકેરો અખંડ તે થતાં હૃદે,
એમાંથી જાગતાં ભાવ, થતાં ભાવ નિરંતરે;
સતત ભાવથી તેવા જીવન પલટાય છે,
ને પછીથી પરિણામ તેનું તો પરખાય છે.

નિત્ય શો સ્મરવાકેરો અભ્યાસ પાડવા હૃદે,
નિત્ય નિત્ય મથાયું શું તેનોયે ઈતિહાસ છે;
મથાયા તે જવા વિશે આનંદ જે પડેલ છે,
તેથી તો ચીટકી કેવું પંથે રહી શકાયું છે !

□

પકડી રાખવા ટેવ કેટલી, કેવી શક્તિ છે !
લેતાં સ્મરણ ર્‌હેવાથી શી ખબર પડેલ છે !
સ્મરણ સાતત્યના નાદે તાન કેવું રહેલ છે !
તાનથી કેવું એકાગ્ર રહેવાઈ શકાય છે !

□

જામતાં જામતાં વાર કેટલી બધી લાગતી !
શી ધરપત પાકી ત્યાં ધારવાની કૃપા થકી !
જેનાં ઉદ્યમ ને ધૈર્ય, ખંત, હિંમત, શૌર્યને
-લીધેલાં કર્મમાં પૂર્ણ જોતરાતાં, ખરે ફળે.



જામતાં જામતાં વાર કેટકેટલી લાગતી !
ભાવ બઢ્યા વિના જામી શકે તે કેવી રીતથી ?
સાધનાભ્યાસમાં તેથી બઢાવ્યા ભાવને કરી,
દઢાવા મોખરે ભાવ મથાયું છે કૃપા થકી.

□

ઝપાટાભેર ઓચિંતું જામી જવું ન સ્‌હેલ છે,
જામતાં જામતાં કાળ પોતાનો માગી લે જ તો;
અનંત ધૈર્ય આવું તે કર્મ, માગતું હોય છે,
આળપંપાળ છોડીને તેથી બેઠો હરિપદે.

□

કેટલી વાર કંટાળ્યો, નાસીપાસ થયેલ છું,
છતાંયે કરવા જેવું મૂકી ના મેં દીધેલ શું;
ખચ્‌કાતાં ખચકાતાંયે કર્યાં કર્મ કરેલ છે,
આદર્યું અધૂરું એને કેમે કર્યું મૂક્યું ન છે.

આદરેલું, અધૂરું તે મૂકી દેવા ન ધારીને,
સતત કેડ બાંધીને ખંતે મથ્યા કરેલ છે;
કદીક ઝોકું આવ્યું છે, કદી પંથ ભુલાયું છે.
છતાં અંતે કૃપાથી તો પથે આવી શકાયું છે.

□

હાર્યો છું કેટલી વાર, પાછો પડેલ છું પથે,
ટકરાયો બહુ વાર, કુટાયા શો કરેલ જે !
છતાં જે પકડેલું છે તેને ના મૂકી દીધું છે,
ખંતે, ધૈર્યથી એને મેં સદા પકડી રાખ્યું છે.

□

પકડી રાખવા ભાવે મથ્યો સ્મરણને હું શો !
સતત પછવાડે હું એની પાછળ શો પડ્યો !
પૂછડું પકડેલું જે કેમે મૂકી દીધું ન છે,
કદીક શો હું હારેલો! છતાં મથ્યા કરેલ છે.



મથવાનું ન છોડ્યું છે, છંદ લાગેલ જે હૃદે
એણે મથાવીને ઊંડું, શો લગાડેલ નાદ છે !
નાદ લાગેલનું તાન શું સોંસરવું હોય છે !
નાદના ભાનથી ભાવે ઊગી અખંડતા શી છે !

□

સ્મર્યાં જે કરવાકેરો અભ્યાસ શો પડેલ છે !
ઊંડો અંતરનો એમાં સ્વાર્થ કેવો હતો મને !
રોગ જે ફેફરાકેરો સ્મરણથી મટેલ જે,
એમાંથી લગની ભાવે લાગી શી સ્મરવા હૃદે !

□

પકડી રાખવા એને કેટલી કેવી શક્તિ છે !
અભ્યાસ સ્મરવાનો શો હૈયે તેથી પડેલ છે !
કદીક અટકાતાંમાં ધ્રાસકો દિલમાં પડે,
અને એમ થવાથી તો સ્મર્યાં કરાયું છે હૃદે.

કેટલું કૂદી કૂદીને દેડકું તો કૂદી શકે ?
ફલંગ કેટલી એની ? એવુંયે મનનું જ છે,
કિંતુ અભ્યાસથી નિત્યે મનને કેળવેલ છે,
કૃપા શ્રીહરિની કેવી, કે હવે હાથ આવ્યું છે.

□

ખેલતાં ખેલતાં કેવો એકભાવ થયેલ છે !
સ્મરતાં સ્મરતાં ભાવે સ્થિર મન થયેલ છે;
તે એકદમ તો પોતે સ્વયંમેળે ન માન્યું છે,
કિંતુ શા નિત્ય અભ્યાસે ઠેકાણું પડ્યું એનું છે !

□

જિજ્ઞાસા અગ્નિના જેવી જેની ભભૂકતી જ છે,
નિરાંતે બેસી રહેવાનું તેનાથી કદી ના બને;
ઉદ્યમ કૈંક ને કૈંક એવા ખંતે કર્યા કરે,
ધ્યેયને મેળવ્યા વિના જંપે એવા ન જીવને.



હરિસ્મરણ લેવાથી રોગ શરીરનો મટ્યો,
તેમાં તેથી ઊંડો કેવો વ્યાપ્યો ઉત્સાહ દિલ તો !
લેતાં લેતાં પડ્યો કેવો અભ્યાસ અંતરે ઊંડો !
નિત્ય અભ્યાસમાંથી શો ભાવ નીતરતો થયો !

□

દોડતાં દોડતાં કેવો કેટલી વાર હું પથે
-લથડાઈ પડેલો છું ! બેહાલ શા થયેલ છે !
છતાં પાછો ઊભો થૈને માંડેલ ચાલવા પથે,
નિત્ય નિત્ય પથે ખંતે ચાલતાં તો ફવાયું છે.
નિત્ય અભ્યાસની ટેવ ખંતે પકડી રાખી જે,
નિરાશા આવતાં તોયે અંતે કેવું ફવાયું છે !

□

નાદ જીવનમાં લાગ્યો સ્મરણ લીધા કર્યે ઊંડું,
સ્મરણે ભાવના જાગી, જાગ્યું ત્યાં ભાન હેતુનું;
રંગાતાં ભાવ સંપૂર્ણ જીવન, ઑર મસ્ત તે
-જીવન કોઈ ન્યારું શું અદ્ભુત ઑર મૌલિક !

જાગતાં જાગતાં ઉગ્ર શી મથામણ તે થઈ !
એકલો માત્ર હું જાણું, શી રામાયણ યત્નની !
મથ્યા જ કરવાનું તો જાણે તે લમણે લખ્યું,
એક દિવસની છૂટ કદીયે ના મળેલ શું !
મથ્યા જવા વિશે જ્યારે રંગ-ઉત્સાહ અંતરે
-વ્યાપતાં, શો કુદાવ્યો છે એક શ્વાસે મને પથે !

□

આવ્યો કદીક કંટાળો, બેઠો ખાવા હું શ્વાસ શો !
છતાં નિરાંત વાળીને બેસવું ના થયેલ શું !
ચાલ્યા જ કરવાનું તો કર્મ નિત્યનું થયું,
ફેરફાર કશો તેમાં કદી કેમે નથી પડ્યો.

□

ઊઠતાં ઊઠતાં શ્વાસ નીકળી શો ગયેલ છે !
ખામી ઉત્સાહની એ તો બતાવે છે ખરી રીતે;
કિંતુ અભ્યાસ જ્યાં નિત્ય થવા લાગ્યો ફરી ફરી,
પ્રાણ કેવા હૃદે ફૂટ્યા તેવા અભ્યાસમાં પછી !



શ્રદ્ધા, વિશ્વાસને લીધે કપાયા પંથ શો ગયો !
ટકાવી હારતાં રાખ્યો, એવી શ્રદ્ધાની ખૂબી તો;
શ્રદ્ધાની આંખથી પંથ અજાણ્યો સાવ શો હતો !
એણે તો અજવાળું તે પાડી, પંથ દડાવિયો.

□

કેટલી વાર હું કેવો નાસીપાસ થયેલ છું,
કપાળે દઈને હાથ બેસી કેવો રહેલ છું !
ક્યાંથી ઓચિંતું ત્યારે તે ફૂટ્યું શું બળ દિલમાં !
ઉત્સાહ પછી શો વ્યાપી વળતાં પાણી શાં થયાં !

□

પછડાયો ઊંચેનીચે, અથડાયા કરેલ છું,
કોણ જાણે છતાં કેવી રીતે પંથ ટકાયું શું !
ઉત્સાહ, ધૈર્ય ને હામ, ખંત, ઉદ્યમ, સાહસ
-વગેરે ગુણશક્તિએ કપાવ્યો પંથ જીવન.

કેવો કદીક હાંફ્યો છું! દોડ્યો કેવો કદીક હું !
થોભ્યો કદીક પંથે હું થાક ખાવા ઊભો હું છું;
નિશાન ચૂકવામાંથી છતાં પાછો પડ્યો ન છું,
તકેદારી બધી તેમાં પૂરી રાખી શક્યો જ હું.

□

ડરી ના હું ગયેલો છું, હઠી ના હું ગયેલ છું,
ચીટકી શો રહેલો છું એક ને એક પંથ હું;
ચાલતાં ચાલતાં પંથે આડફંટે ચઢી જતાં,
કૃપાએ માત્ર ત્યાં ત્યારે સીધો દીધો વળાવી ત્યાં.

□

મળ્યાં શાં કેટલી વાર કાંટા ને ઝાંખરાં પથે !
વાગ્યાં છતાં ન થોભ્યો છું પંથ કાપ્યા કરેલ છે;
અજાણ્યો શો હતો પંથ ! છતાં હિંમત ધારીને,
શ્રદ્ધા, વિશ્વાસથી પંથે ભરાયાં ડગલાં જ છે.



છેક શા તળિયામાંથી ઉપર આવવાતણાં
-ચાનક, રસ શાં લાગ્યાં ! તેથી શ્રમ ગયો થયા,
શ્રમે ભાવ ઉમેરાતાં, ઉત્સાહ શ્રમમાં ફૂટ્યો,
શ્રમઉત્સાહથી એવા ટેકવી ડગ હું શક્યો.

□

ફંટાવાનું બનેલું છે કદીક પંથથી ઊંધે,
વૃત્તિના ઊઠવાથી તો જણાઈ તે ગયેલ છે;
જણાતાં, ચેતીને પાછો સદ્‌ભાવ દિલ ધારીને
-સતત સ્મરણાભ્યાસે લાગી પડેલ છું હૃદે.
પથે

□

અજાણ્યો હો ભલે છોને પંથ તોયે ઊંડો ઊંડો
-ઉત્સાહ જે તમન્નાનો દોરી જશે પથે સીધો;
જિજ્ઞાસા ચેતનવંતી અગ્નિ શી હતી દિલ જે !
તેણે પથે ધપાવીને પાડ્યો પ્રકાશ દિલ છે.

'ચાલતાં ચાલતાં પંથ કપાવાનો જ નિશ્ચયે',
એવો વિશ્વાસ બેઠાથી છે ચલાવાયું પંથ તે;
ધૂન ને ધૂનમાં કેવું ચાલ્યા કરેલું છે પથે !
અંતે કૃપાથી તો શાં સૌ સારાં વાનાં થયેલ છે !

□

ચાલતાં ચાલતાં પંથે ઊંઘી કદીક હું ગયો,
ત્યાં લથડિયું ખાધું છે, ને શું જાગી જવાયું તો !
જાગતાં કેવી મૂર્ખામી મારાથી જે થયેલ છે !
તેનું તે ભાન જાગંતાં, પાછો જન્મેલ વેગ છે !

□

લીધેલું હાથ તેને શો સતત વળગી રહ્યો !
એના એ જ તે માત્ર ધ્યાને લક્ષ પરોવ્યું શું !
એકાગ્ર એકમાં થાતાં, રસ તેમાં પડેલ છે,
રસોત્સાહ થકી તેવા પંથે ચલાયું સીધું તે.



જ્યારે જ્યારે પડી તૂટ હરિની સ્હાય માગી છે,
કરીને પ્રાર્થના ભાવે હરિને વીનવેલ છે;
હરિને દિલ સંતોષ દેવા, પ્રયત્ન સર્વ છે,
સાચા તે મથનારાને નિરાશ ના થવા જ દે.

□

હરિનો ભાવ સંપૂર્ણ મેળવવા જ જીવને
-કેવો કેવો પુરુષાર્થ કૃપાથી તો થયેલ છે !
કદીક તો શો સંપૂર્ણ હિંમત વિસરાઈ છે !
છતાં પાછો ઊંડે ભાવે સ્તવંતાં, શો ખડો જ છે !

□

સ્મરતાં, ભજતાં ભાવે દીર્ઘકાળ વીતી જતાં,
હરિ પરત્વેનો ભાવ જાગ્યો ત્યારે શું દિલમાં !
એ ભાવે પછી કેવું તે <u>અંતરે</u> કામ આપ્યું છે !
જીવને
તારણહાર તો ભાવ મારો કેવો બનેલ છે !

નિત્ય યજ્ઞ ચલાવ્યો છે હરિસ્મરણનો હ્રદે,
સ્મર્યાં શો કરવાથી તો લાભ કેવા જણાય છે !
પકડી પકડી એને રાખવું તો પડેલ છે,
ભૂલેચૂકે કદી એને વીલું મૂકી દીધું ન છે.

□

કેવો કદીક ફેંકાઈ ગયો જીવનમાં હતો !
હાડકાં પાંસળાં કેવાં ખોખરાં તે થયેલ સૌ !
શ્વાસ ખાવા મને ત્યારે કળ ના કૈં વળેલી છે,
સ્મરતાં, સ્તવતાં ભાવે ભક્તિથી ઠીક લાગ્યું છે.

□

કેવો ઉતાવળો હું તો થયેલો કોક વાર તે !
ને એનાં ફળ માઠાં શાં ભોગવવાં પડેલ છે !
કિંતુ ભોગવતી વેળા હરિસભાનતા હ્રદે
-એકધારી ટકેલી છે જીવંત, ચેતનાત્મકે.



છક્કડ કેટલી વાર જીવને શી ખવાઈ છે !
છતાં પાછો થઈ ઊભો કમ્મર શી કસેલી છે !
પાછું તો પડવાનું તે કદીયે કૈં ન જાણ્યું છે,
પથે હિંમતથી મેં તો ભાવે ડગ ભરેલ છે.

□

ડગલાં ભરવાં પાછાં મરવા જેવું લાગ્યું છે,
નરમ પડતાં, પાછો શો ટટાર થયેલ જે !
ટટારી ને ખુમારીને મેં સાથોસાથ રાખી છે,
પુરુષાર્થે ટકી ખંતે, અંતે પાદ ઢળાયું છે.

□

ભૂલેચૂકે કદી પંથે હિંમત જ્યાં ખૂટેલ છે,
ત્યારે કેવા ઊંડા ભાવે પોકાર્યો શ્રીહરિ હ્રદે !
एनो ના છાલ છોડ્યો છે, વારંવાર સ્તવી સ્તવી,
હરિને બૂમ પાડીને જગાડ્યો છે હ્રદે સ્મરી.

જેમ જેમ ઊંડું ઊંડું ઊતરાતું જવાયું છે,
કેવાં કેવાં નર્યાં દશ્ય ત્યારે પથે મળેલ છે !
કિંતુ તેમાં જવા કેવું મન થયા કરેલ છે !
છતાં ત્યારે થતાં ભાવે પ્રાર્થના, શી ફળેલ છે !

□

સ્મરણ પડછાયાથી કેટલી વાર જીવને
-ભ્રમણા જાગી છે કેવી ! અથડાવાનું થયેલ છે;
એવું જ્યાં અથડાતાંમાં ઠોકર દિલ વાગી છે,
એવી ઠોકરના ભાને ચેતવાઈ જવાયું છે.

□

સ્મર્યા સ્મર્યા વિશે કેવો ભેદ અપરંપાર છે !
સ્મર્યામાંથી ઊંડા ભાવે કેવું જીવન તો ફળે !
જીવને ખુશબો ઑર ભાવઉષ્માની જાગીને,
સુવાસિત કરે કેવું મુગ્ધ જીવનને હૃદે !



‘છક્કા જાણે છૂટી જાય,’ એવા પ્રસંગ જીવને
-સાંપડેલા છતાં ત્યારે જોમ શું દાખવાયું છે !
કૃપાતણા પ્રસાદેથી ઊભો ર્‌હીને ટકાયું છે,
પડતાં પડતાં તોયે કૃપાથી તો જિવાયું છે.

□

લાગતાં લાગતાં લાગે, લાગતું એકવાર જો
-થયેલું હોય, તો તો તે પછીથી લાગવાનું છે;
છતાંયે પાછું તે કેવું શું ઓલવાઈ જાય છે !
પાછું ચેતાવતાં, ફૂંકી દમ નીકળી જાય છે.

□

પહોંચતાં પહેલાં શો શંભુમેળો થયેલ છે !
એમાંથી તત્ત્વને ખંતે ર્‌હેવું વળગી દુર્લભે;
છતાં ત્યારે શું લાગેલો ઊંડો જે સ્વાર્થ દિલમાં !
તેણે મને ટકાવીને રખાવ્યો શો ઊભો તદા !

અથડાયો-કુટાયો છું, પંથે કેટલી વાર હું !
આમથી તેમ ફંટાયો, ભૂલો પડેલ પંથ હું;
ભોમિયો પૂછવા જેવો ક્યાંય મળ્યો ન પંથપે,
આશરે આશરે મેં તો પંથ કાપ્યા કરેલ છે.

કદીક ભય લાગ્યો છે, લાગ્યો કદીક ત્રાસ છે,
કદીક શો ભુલાયો છે જીવનપથ તો હૃદે !
છતાં પાછો સ્મરી ભાવે પ્રાર્થના દિલમાં થતાં,
પ્રકાશ પડતાં, કેવું સૂઝ્યું કૃપાથી છે તદા.

ભૂલો પડેલ છું પંથે છતાં ના અટકેલ છું,
પૂછતાં પૂછતાં ઊંડે અંતરે, ભાળ લાગી શું !
અનેકે વાર એ રીતે મથતાં મથતાં ઊંડું,
મથામણની લંગાર એવી જીવનમાં બહુ,
મથતાં મથતાં પંથે ઊંડું મંથન જે થયું,
ને નવનીત તેમાંથી કૃપાથી તો લધાયું શું !



પડાયું કેટલી વાર, પાછું ઊભા થવાયું છે,
ઊભા થઈ ટટારીથી પથે ડગ ભરાયું છે;
ટકરાવાનું કેવું તે ભયંકર બનેલું છે !
કૃપાને યાચી, પ્રાર્થીને, જેમતેમ ટકાયું છે.

હારતાં હારતાં કેવો ક્યાંયનો ક્યાંય દૂર શો
-ધક્કેલાઈ જતાં, ત્યારે પ્રાર્થના કરતાં બચ્યો !
કૃપાએ પથમાં કેવો પાછો લઈ લઈ મને
-બનાવી હિંમતવાળો છૂટો મૂકી દીધેલ છે.

કદીક અધવચ્ચે શો પડ્યો ઊંચેથી હું નીચે !
ત્યારે તેનું રહ્યું ભાન એ જ મોટી કૃપા શી જે !
સડસડાટ પાછો હું પથ પર ચઢી ઊંચે,
મેળવી સ્થાન ખોયેલું, ચાલેલો ઊર્ધ્વ શો પથે !

ચાલતાં ચાલતાં પંથે આવી ભુલવણી તહીં,
સૂઝતાં પંથ ના યોગ્ય, સૂઝ ના ચાલવા પડી;
આર્ત ને આર્દ્ર ભાવેથી પ્રાર્થના ભાવથી થતાં,
ત્યારે ત્યાં અજવાળું કૈં દેખાયું છે, થતાં કૃપા.

□

ચાલતાં ચાલતાં લાગે કેવો થાક કદીક જે !
ઊઠવા, બેસવાકેરી ત્યારે હિંમત ના રહે;
તોયે શો હું કૃપાથી તે પરાણે હામ ભીડી જે
-મથેલો ચાલવા પંથે, ઠેકાણું ત્યાં પડેલ છે.

□

અથડાતાં, કુટાતાંમાં પંથ ક્યાંયે સૂઝયો ન છે,
પૂછતાં પૂછતાં પત્તો ક્યાંય ખાધો કશો ન છે;
તોયે છતાં ન થાક્યો છું, ખોળવા પંથ શો મથ્યો !
કૃપાથી આખરે કેવો ઓચિંતો હાથ લાગિયો !



વેરાન જંગલો વિશે ભટક્યો ક્યાંય ક્યાંય જે,
ક્યાંય પત્તો ન લાગ્યો છે સાચા રસ્તાતણો મને;
તોયે શોધ ન છોડી છે, અંતરે ખોજ ચાલુ મેં
-કૃપાથી જીવતી રાખ્યા કેવી ખંતે કરેલ છે !

□

રસ્તાને ખોળવા કાજે મથાયું કેટકેટલું !
સ્પષ્ટ નિર્દેશવાળો તે પંથ સૂઝ્યો નથી હજુ;
રાખેલી શોધ ચાલુ છે, આત્મવિશ્વાસ અંતરે
-મથતાં મથતાં અંત આવવાનો જ નિશ્ચયે.

□

આકરી આકરી કેવી કસોટી જીવને થતાં !
નિરાશા સેવી ના મેં છે, મથાયા કર્યું છે છતાં;
છાલ મેં નવ છોડ્યો છે, લીધેલું મૂકી ના દીધું,
ખંત, સાહસ ને ધૈર્ય ઉદ્યમ રળવા ચહ્યું.

હરિ મેળવવા કેવું કેટલું તે સહેલ છે !
મારે માટે સહેલું તે, શો અનુભવવા જ તે!
મને શ્રીસદ્‌ગુરુએ શો કરી કરી શી તાવણી !
અગ્નિની ભઠ્ઠીમાં કેવો તપાવ્યો છે મને વળી !

□

રળવા ચહી શો ખંતે, ઉદ્યમે વળગી રહી !
સાહસ, હામ ને ધૈર્ય ધારી મથ્યા કર્યું ચહી;
પરિણામતણી ચિંતા પ્રભુપદે સમર્પીને,
ભાગે આવેલ જે કર્મ ખંતે, ભાવે કરેલ છે.

□

કેટલું કેટલું ભારે, તપતાં તપતાં પથે,
તોયે છેડો ન આવ્યો છે ! દશા કારમી કેવી છે !
અટવાયો છું હું કેવો ! દિશા કોઈ સૂઝે ન છે,
હરિના એકલાના તે ભરોસે માત્ર ચાલુ જે.



માનવું વાત જુદી છે, જાણવું વાત જુદી છે,
અનુભવવું તેથીયે નવી વાત અનોખી છે;
મેં અનુભવવા માટે આપેલ છે મહત્ત્વ જે,
ને એને માટ, જીવ્યાનો લ્હાવો લેવાનું દિલ છે.

□

સ્મરણ હરિનું ભાવે ભક્તિ ભરેલ દિલથી,
લીધા તે કરવાકેરું લીધેલ વ્રત પ્રેમથી;
એમાં ના આવવા દીધી ખોટ કોઈ ઉપાયથી,
નફો ને શો નફો માત્ર છે મેળવેલ રે’મથી !

□

જીવને રળવાનો મેં ધંધો સ્વીકારીને પથે,
મંડી પડ્યો કમાવાને ચારેબાજુથી જોઈને;
સાવચેતી બહુ રાખી, ચોકસાઈ ધરેલ છે !
છતાં કદીક શી ખોટ ખાવા વારો મળેલ છે !

પથે શો ચાલી ચાલીને તો ગયો દમ નીકળી !
થાક્યો છું હું, છતાં હાર્યો કદી કેમે કર્યો નથી;
કદમ મેં ઉઠાવ્યાં છે ખંતે પાછાં ફરી ફરી,
છતાં સ્થિર ટકાયું છે, હાલી ઊઠ્યો હતો કદી.

□

ડગલાં ભરવા પંથે માંડેલાં ખંતથી કરી,
હવે હઠવું પાછું તો માથાવાઢ જ લાગતું;
ટકી રહેવાનું ખંતે ને ઉદ્યમે, હિંમતે કરી
-પંથને કાપવાનો છે, સ્મરી સ્મરી કૃપા થકી.

□

હરિને સ્મરતાં ભાવે થઈ છે પ્રાર્થના ઊંડી,
પોકાર્યા શો કરેલો છે હરિને પ્રાર્થીને સ્તવી !
આપત્તિ ને વિપત્તિનો બેલી શો શ્રીહરિ જ છે !
છતાં મેં સ્વાર્થને માટે બોલાવેલ હરિ ન છે.



અનેકે વાર ભાવે મેં છે પોકારેલ શ્રીહરિ,
પોકાર્યા વિણ ના ચેન હૃદે કૈં પડતું જરી;
હરિને સાદ દેવાનો નિયમ નિત્યનો જ શો !
એવા શા નિત્ય અભ્યાસે હરિ સ્તવ્યા કરેલ શો !

□

સ્મરવાનો પડ્યો કેવો નિત્ય અભ્યાસ ભાવથી,
કદી તે ના મુકાયો છે, નિરંતરની ટેવ શી !
અભ્યાસ નિત્યનો, જેવું ઘડે છે તેવું કોઈયે,
-ઘડી ના શકતું, કેવું તેથી જીવન આ થયું !

□

જળ ને પૃથ્વીમાં ઘોર તામસ ભરપૂર છે,
આથી ચેતન સંપૂર્ણ પ્રવેશી ત્યાં શક્યું ન છે;
તેથી શરીરનો ધર્મ જે સ્વાભાવિક જીવને
-બદલાતો નથી કેમે, શો જરા સરખોય તે.

ઊતરચઢ ભૂમિકા કેવી ચેતનની થતી !
જ્યારે તૈયારી પાકી છે, ચેતના ત્યાં શી ચેતતી !
જ્યાં સ્વીકારતણી ભાવે યોગ્ય તત્પરતા જ છે,
પોતે ચેતન ત્યાં કેવું ઘડે છે ઘાટ નિજનો.

□

હરિમાં ગળી સંપૂર્ણ, અવતરવું પાછું તે
-નીચેની ભૂમિકા વિશે, ફરીને ચઢવા ઊંચે;
ચઢઊતર એવી તે ચેતનની થયા કરે,
એમાં સાક્ષિત્વના ભાવે જે તે જાણી શકાય છે.

□

હરિઃૐ

## ખંડ ૪ : **भक्ति**

(અનુષ્ટુપ)

જીવન જીવવાનું ના એકલા સ્વાર્થ માટ તે,
જીવન જીવવાનું છે હરિ કાજે વિશિષ્ટ તે;
હરિ અર્થે સુવાસેથી જે ચહે જીવવાનું તે,
હરિનો ભક્ત સાચો છે, એનું કલ્યાણ નિત્ય છે.

અન્યમનસ્ક શો પાછો ગંભીર, હું થઈ જતાં.
માથે પહાડ મૂકીને જાણે ભાર વહુ તદા !
કિંતુ જ્યારે મને એણે ભણાવ્યો પાઠ શો હૃદે !
કેવી મૂર્ખામી મારી તે સમજી, શો વળ્યો પદે !

□

જામતાં જામતાં ભક્તિ કેટલો કાળ શો વહ્યો !
જામવી ભક્તિ ના સ્‌હેલી, એ કાજે કેટલું સહ્યું !
સહેલું હર્ષથી ભાવે હેતુપૂર્વક અંતરે,
ભક્તિનો લાગવો રંગ શ્રીહરિની કૃપા શી તે !

□

ધણી સમર્થ ધારેલો હરિને મેં ખરેખરો,
હરિના આશ્રયે કર્મ સંસારનાં કર્યાં બધાં;
એક્કેય ડગલું ક્યાંયે હરિ વિના ભર્યું ન છે,
હરિમાં લક્ષ સંપૂર્ણ ધારી, જીવ્યા કરેલ છે.



હૈયામાં હામ ધારીને હરિ ભજ્યા કરેલ છે,
તે વિના તો કશો બીજો ધંધો કૈં ન કરેલ છે;
હરિને ભજતાં ભાવે હૈયે પોરસ ઊછળે,
ભાવનો ઊભરો કેવો જન્મતો ફૂટીને હૃદે !

□

હરિ જીવનમાં મિત્ર, ભેરુ શો તે ખરેખરો !
ખરે ટાણે શું લાગે છે જીવને ખપનો ખરો !
બઢંતાં ભાવ હૈયામાં શું ઉન્મત્ત થવાય છે !
ભાવ શો માત્ર શૃંગાર મારા જીવનનો જ છે !

□

ભજતાં ભજતાં ઊંડા ભાવે શ્રીહરિને હૃદે,
હરિમાં લક્ષ સંપૂર્ણ ચહ્યો એને ધરાવીને;
એકલો માત્ર શો મોટો સૌનાથી હરિ જીવને !
ખેંચેલો છે હરિએ શો ! તેથી વળાયું છે પદે.

હરિને ભજવામાંથી અંતરે બળ જે મળ્યું,
ઉત્સાહ તેથી વધ્યો ને ઉમંગ ઊછળ્યો ઘણો;
હરિને સ્મરતાં ભાવે પ્રસન્નતા શી પાંગરી !
હરિ જીવનનો તેથી સ્વામી શો મુજ, ભાવથી !

□

હરિના રસનો સ્વાદ અંતરે ચાખતાં ઊંડો,
નશો એનો ચઢ્યો કેવો ! લાગ્યો આસ્વાદ ઑર શો !
તેથી તો હરિમાં ચિત્ત લગાતાર રહ્યા કર્યું,
એકાકાર પછી કેવો હરિમાં હું થયેલ છું !

□

મળેલાં પ્રાપ્ત સૌ કર્મ પ્રભુપ્રીત્યર્થ જીવને
-કર્યાં કરી, પદે કેવાં સમર્પિત કરેલ છે !
અધિકારી હરિ વિના બીજું જીવનમાં ન છે,
મારો માલિક જાણીને સંબોધ્યું હરિને પદે.



નાદાનિયત મારી તો જીવને શી થયેલ છે !
તે વર્ણવેલી સંપૂર્ણ રસિક શ્રીહરિપદે;
હવે વિચારવાનું તો તે વિશે કૈં રહ્યું ન છે,
હવે તો હરિની ભક્તિ ખપની એકલી જ છે !

□

કૈં આગ્રહ કશાનોયે લાદ્યો ના કોઈની પરે,
નિરાગ્રહી હું સંપૂર્ણ કૃપાથી શો થયેલ જે !
હરિની ભક્તિમાં તેથી ઉછાળો શો ઊઠેલ છે !
નાચંતાં રોમરોમે છે, લીલા ભાવની એવી છે.

□

શૂન્યમાં શૂન્ય સંપૂર્ણ અહંથી મુક્ત થૈ હૃદે,
હરિને પામવામાં તો પછી શું મોકળું જ છે !
નિરહંકાર સંપૂર્ણ નિરાસક્ત, નિરાગ્રહી
-હરિને પામવા કાજે તેવું થવાનું ભાવથી.

જાણવું, માનવું, પાછું મ્હાલવું શી ત્રિપ્રક્રિયા !
જુદી જુદી રીતે સૌ તે સમાઈ હરિભાવમાં;
જે તે સૌ હરિનામાં છે હરિથી ના જુદું કશું,
નરસું, સારું તે બંને હરિનાં પદમાં બધું.

□

હરિને શો સ્વીકારીને વ્હાલથી ચાહી ચાહીને !
પ્રસ્થાપી અંતરે એને, વ્હાલ કર્યાં કરેલ છે;
હરિનો દિલ રાજીપો મેળવતાં હું જીવને
-ભાગ્યશાળી થઈ કેવા રાખ્યા પકડી પાદને !

□

હરિને દિલમાં ધારી પ્રેમભક્તિથી જીવને,
સંબોધ્યા મેં કરેલું છે જે તે સર્વે બનેલ છે;
નિવેદ્યા જ વિનાનું કૈં એને, બાકી ન રાખ્યું છે,
સમર્પ્યાં કર્યું જે તે મેં, એથી નિશ્ચિંતતા શી છે !



આપતાં આપતાં જેને વછૂટે વ્હાલ દિલથી,
આપતાં હર્ષનો પાર જેને ર્હેતો કદી નથી;
કોડ, ઉમળકાઓ શા એને ઊછળતા હૃદે !
હરિને કાજ તો એવું વિચારવાનું થાય છે.

□

બધુંયે ફોડ પાડીને નિવેદ્યું છે હરિપદે,
નિવેદ્યાં કૈં વિનાનું તો કશુંયે ના રહેલ છે;
નિવેદન કર્યા વિના જંપ તો વળતો ન છે,
સમર્પ્યાં કરવાનુંયે તે રીતે બનતું જ છે.

□

અંતરે હરિને કેવો પ્રેમથી સંઘરેલ છે !
હરિને ભાવથી ઊંડો સ્તવીને સ્તવીને હૃદે,
હરિને પ્રેમભક્તિથી દેવા સંતોષ દિલથી
-આવડ્યો મુજથી તેવો પ્રયત્ન શો થયેલ છે !

હરિમાં ચિત્ત પ્રોવાતાં ભાવે ભક્તિપરાયણ
-કૃપાથી કેવું ર્હેવાતું ! આવેલું તે અનુભવ;
હરિને જ્યાં વરેલા છો લગાતાર હરિ વિશે
-એકાકાર જ સંપૂર્ણ અંતરે શા થયેલ છો !

□

હરિના ભાવનાં કેવાં સ્પંદનો ઊઠતાં હૃદે !
હરિનો ભાવ સર્વત્ર આધારે પ્રસરે બધે;
રોમ રોમે નશો એનો, મસ્ત આહ્લાદપ્રેરક,
એના નશાનું ઊંડાણ માપવું શક્ય ના રજ.

□

હરિના નાદનો સ્વાદ કેવો લાગેલ અંતરે !
હરિની પ્રેમભક્તિની બલિહારી શી મ્હાલી છે !
હરિના ભાવમાં મગ્ન લીન પૂરેપૂરો થતાં,
હૈયે શો હર્ષ ઉન્માદ વ્યાપ્યો આધારમાં તદા !



પદે આસક્ત સંપૂર્ણ કૃપાથી શું થવાયું છે !
હવે એના વિના કેમે હૈયે ચેન પડે ન છે;
એણે જે ભાવ બક્ષ્યો છે, એણે જે લક્ષ્મી અર્પી છે,
એના તોલે બીજો કોઈ આવી શકે ન કો રીતે.

□

પોતાનો દિલ જાણીને હૈયે શો સંઘરેલ છે !
આશ્વાસન શું દિલાસો એના તે પદ માત્ર છે,
ચિંતા, ફિકર, મુશ્કેલી એને તો સ્તવતાં હૃદે
-ઊડીને ક્યાંય ચાલી સૌ કેવું જતું રહે જ છે !

□

ધણી સમર્થ સંસારે હરિ જેવો મળેલ છે,
પછી તે શેની ચિંતા છે ! ચિંતા શ્રીહરિ શિર છે;
જેને બનાવતો હૈયે નિજનો તે પૂરેપૂરો,
તેવાનું લઈ સૌ માથે, શિરોમણિ બનાવતો.

હરિને એકલાને મેં મારી વાત જણાવી છે,
પછી નિશ્ચિંત કેવો હું હળવો શો બનેલ જે !
હરિને સેવતાં ભાવે હૈયામાં શી નિરાંત છે !
હરિના જીવને કેવો પ્રભાવ ને પ્રતાપ છે !

□

ઊંડો જીવનમાં જેને હરિમાં ઈતબાર છે,
જેને વિશ્વાસ સંપૂર્ણ શ્રીહરિ પર નિત્ય છે;
જીવે છે દિલ શ્રદ્ધાથી હરિઆધારથી જગે,
એવાને એકલો માત્ર વ્હાલો શો શ્રીહરિ જ છે !

□

પોતે પોતામહીં રાચે ભાવના અનુરાગથી,
જીવન ભાવના માત્ર ભક્તનું હરિપ્રેમથી;
હરિના ભક્તને કોઈ હરિ વિના ન જીવન,
હરિ શો એકલો માત્ર તેનું સર્વસ્વ જીવન !



હરિમાં ભાવ પ્રેરાવ્યો હરિમાં રાચી રાચીને,
હરિ સ્તવી સ્તવી ભાવે હરિને રીઝવેલ છે;
હરિએ પ્રેમથી ત્યારે હૈયે ચાંપી લઈ મને,
ભાગ્યશાળી બનાવ્યો છે ચરણે સ્થાન બક્ષીને.

□

હરિના દિલ સંગાથે દિલને મેળવેલ છે,
એકાકાર હરિ કેવો મુજ સાથે બનેલ છે !
લગાતાર હરિ કેવો મને શો ચાહી ચાહીને
-હૈયે લગાડી, ચાંપીને નિજનો શો કરેલ છે !

□

મનાદિ મસ્ત મોહ્યાં છે હરિની પર વારી જે,
હરિપદે બધું લક્ષ ચોંટાડી શું દીધેલ છે !
હરિ, હરિ, હરિનાદ મોરલી શો મધુર છે !
મધુર નાદનો કેવો રણકાર મધુર છે !

ભક્તિ જીવનમાં જ્યારે સંપૂર્ણ જ્યાં બનેલ છે,
ચેતનાત્મક સંપૂર્ણ નિરંતરે શી ભક્તિ છે !
જીવને એકલી જેની શક્તિ શી ભકિત માત્ર છે !
તેવામાં हरि શો ભાવે નિરંતરે રમે જ છે !

□

हरिમાં જીવવાનું તે ચહી ચહી જ ધારીને,
જીવનમાં થતાં કર્મો हरि ધાર્યાં કરેલ છે;
हरिની શક્તિથી જે તે થતું ર્હે છે બધું જગે,
બેલી ખરેખરો મારો हरि શો एक માત્ર છે !

□

हरिની ભક્તિની મસ્તીતણો જોટો ન ક્યાંય છે,
નશો એનો ચઢેલો છે, જેનો ચડસ ઑર છે;
ચમરબંધી છો મોટો, કિંતુ તે ભક્ત આગળે
-તોલે તણખલાની છે, જાણી તે લેવું નિશ્ચયે.



हरिનું શરણું શોધી, શરણે હું ઢળેલ છું,
સેવા ભાવ થકી एनी કરવાની હું રાખું છું;
એક દીય વિના સેવા પડ્યો નથી કદાપિયે,
કૃપાએ લેવરાવ્યો છે સેવાનો લાભ નિત્ય તે.

□

હૈયામાં हरिને ધારી સંસારે વર્તવાનું છે,
સમર્થ એકલો પોતે, एना જેવું બીજું ન છે;
એકલો એકલો કેવું બ્રહ્માંડને ચલાવતો !
હૈયામાં ધરી एवाને, નિરાંતે પદ છું સૂતો.

□

हरिના ભાવની ઉષ્મા શી અનુભવવા મળી !
જીવન ફેરવાયું છે, ચેત્યું શી ચિનગારીથી !
हरिને દિલમાં મોટો, સ્વીકારેલ અનુભવે,
હવે તો हरि સર્વસ્વ મારા જીવનનો જ છે.

મોટો કેવો અચંબો છે 'કેવા તણખલાયને
-મોટો મેરુ બનાવીને પ્રવર્તમાન કરેલ છે !'
કોડીયે નીપજે કૈંયે જેનાથી ના કદી પણ,
તેવાથી તેં કરાવ્યાં છે લાખોનાં કર્મ શાં જગ !

□

હરિને ભજવાકેરો ધંધો સ્વીકારી જીવને,
અંતરે એકલો માત્ર હરિને સંઘરેલ છે;
એવા જે દોહ્યલા ભક્ત ભાગ્યે વિરલ કોઈક,
એવાને ઓથની હૂંફ, પ્રેરણાશક્તિ પ્રેરક.

□

હરિને જે ભજે તેનું ગુણસામર્થ્ય ઑર છે,
હરિને જે ભજે તેનું ભાવસામર્થ્ય ઑર છે;
હરિને જે ભજે તેનું કેવું રંગાય જીવન !
હરિને જે ભજે તેનું ભક્તિથી ભર્યું જીવન.



જિવાડ્યાથી જિવાયે છે, બાકી કશું ગજું ન છે,
શક્તિવાળો શું સંપૂર્ણ હરિ શો એકલો જ છે !
હરિના ભક્તનું કેવું જીવવું હરિઅર્થ છે !
બાકી તો જીવવા એને રસ ના કૈં કશો જ છે.

□

જીવવું, મરવું, ભાવે હરિમાં એક થૈ હૃદે,
મરવું, જીવવું બંને પછી તો હરિ હાથ છે;
જીવનમાં થતું તે તે શ્રીહરિથી બન્યા જતું,
શ્રીહરિ તેથી સર્વસ્વ જીવને મુજને બધું.

□

हरिःॐ

खंड ५ : **हरिभक्त**

(અનુષ્ટુપ)

હરિના એકલાનામાં જેનું ધ્યાન નિરંતરે,
યાદ આવ્યા કરી હૈયે હર્ષ જેને ન માય છે;
પળેપળની શી એવી યાદ ! તે ભક્તજીવન,
જે તે બધું હરિકેરું માધુર્યમાં મધુર છે.



હરિને પામવા જેના તપતણો ન પાર છે,
એકધારો મથ્યાનો શો જેનો યજ્ઞ અખંડ છે !
સતત બસ કેવી તે રઢ લાગેલ એની છે !
હરિને સ્મરવું એ જ સહજ શો સ્વભાવ છે !

□

સંસારે વિઘ્ન, મુશ્કેલી ભક્તને આવતી પથે,
પરીક્ષા એની છે ત્યારે, કેવી થતી કસોટીયે !
છતાં ત્યારે પૂરેપૂરો નિશ્ચિંત શો હરિ પરે !
જણાવી બધું જે તે કૈં નિરાંતથી સુખે સૂવે.

□

પરીક્ષા થતી સંસારે શી કેટલીક વાર તે !
-હરિના ભક્તની ભારે ભયંકર કસોટીયે;
તેમાં તે શો તરી પાર ઊતરી જ જતો ખરે !
એની પાછળની શક્તિ તત્પર મદદે શી છે !

કેવા કેવા તબક્કામાં વલોવાનું શું આવતું !
છતાં ત્યારે કશી ચિંતા કરતો નથી ભક્ત તો;
પરિસ્થિતિ સ્વીકારીને ધર્મ પરિસ્થિતિતણો,
-પાળવાને કટિબદ્ધ ભક્ત હંમેશ હોય શો !

□

ભક્તને જીવને કેવી દુઃખની તે પરંપરા !
-કદીક આવીને, એની તપાસે શી તટસ્થતા !
ભક્ત તો બધુંયે જે તે શ્રીહરિ પર ઢોળી દે,
ભાવે નિમગ્ન સંપૂર્ણ હરિમાં રહી, મસ્ત છે.

□

ઉપાધિ કશી સંસારે ભક્તને નવ હોય છે !
હોવા છતાં મનાદિમાં એનો રંગ ન ક્યાંય છે;
તે વ્યવહાર પોતાનો ચલાવતો જ હોય છે,
છતાં મનાદિ શાં તેનાં ભક્તિના રંગમાં જ છે !



ભક્તને કેવી સંસારે છે વણઝાર કેટલી !
છતાં તે અટવાતો ના કે ગૂંચાતો નથી જરી;
પોતે તો ભાવમાં મસ્ત શો નિરંતર હોય છે !
અડગ નિશ્ચયી, પાકો મક્કમ, દૃઢ હોય તે.
નિરાગ્રહી છતાં પાછો, નિરહંકારી પૂર્ણ છે,
શો નિર્મમત્વથી યુક્ત સંસારે ભક્ત હોય છે !

□

તે બંધાઈ કશાનામાં જતો નથી ભૂલેચૂકે,
સંસારી પાસનો સ્પર્શ એને ક્યાંય થતો ન છે;
નિહાળે છે બધું જે તે, જે તે જાણે બધુંય તે,
આઘો ને અળગો પોતે સૌથી ન્યારો સદા રહે !
હરિના ભક્તનો એવો ભક્તિનો રંગ ઑર છે,
એનો સંબંધ જો ભાવે, તારણહાર શો બને !

□

સહજ રીતથી કેવો સૌ કારભાર ભક્તનો
-ચાલે સરળ સંસારે ! નિજાનંદે શું મ્હાલતો !
કશાથી ડરતો ના તે, હારતો ના કશાથી તે,
હચમચી જતો ના તે માઠા પ્રસંગથી જગે;
સાવ નિશ્ચિંત સંપૂર્ણ ભક્ત હરિની ભક્તિમાં,
ભક્તિ શો ભક્તને માત્ર કેવો આહાર તત્ત્વમાં !

વિટંબણા શી સંસારે આવે છે કદી ભક્તને,
બેબાકળો નથી ત્યારે થતો, શાંતિ શી જાળવે !
તાટસ્થ્ય, સમતા ત્યારે પક્વ કેવાં થયેલ છે !
ભક્ત જાણી હૃદે શો લે રાખીને સાવધાની તે !

□

હરિની ભક્તિનો નાદ શો મસ્ત ઘેલછા ભર્યો !
ભક્તનું દિલ એમાં ને એમાં નિત્ય રખાવશે;
પળવાર હરિ વિના એને કદી ન ચાલશે,
ઇતબાર હરિ વિના એને ના કોઈનો જ છે.

□

ભક્તિના નાદનો છંદ જીવંત શો વિશિષ્ટ તે !
ભક્તિમાં એકલી માત્ર ઘેલછા નવ હોય છે;
ભક્તિ એકાગ્રતા પ્રેરે, ને કેંદ્રિત થવાય છે,
ભક્તિનો મહિમા ગાવો સંપૂર્ણ, તે અશક્ય છે.



હરિની ભક્તિ તે માત્ર સંસાર ભક્તનો જ છે,
બીજા સંસારમાંયે શી અખંડ હરિભક્તિ છે !
હરિની ભક્તિનો ભાવ હરિના ભક્તના હૃદે
-શો અસ્ખલિત જીવંત વહેતો તે રહ્યા કરે !

□

હરિને મસ્ત ભાવે જે ભજે નિરંતરે હૃદે,
હરિને દિલમાં ધારે અખંડ પ્રેમથી ખરે;
દિલથી ચાહી ચાહીને હરિને જે વરેલ છે,
ભારે કસોટી શી એની કદીક થતી હોય છે !

□

હરિના ભક્તને ના કૈં ઝાઝી ઝંઝટ હોય છે,
કદીક તે છતાં હોવા ભક્ત ના ગભરાય છે;
હરિઆશ્રય પોતાનું ચલાવ્યા કરતો બધું,
આડુંઅવળું સંસારે થતાં, સંભાળી લે હરિ.

હરિ ચેતવવા પોતે આવી ચઢે કદીક શો !
ભક્ત વિના ન કોઈયે જાણી શકે કશુંય તો;
સર્વસ્વ હરિનું ભક્ત, વ્હાલો શો ભક્ત એહને !
હરિના પ્રાણ શો ભક્ત ! વસેલો તે હરિહૃદે.

□

હરિની શી કૃપાશક્તિ વરતાય અનુભવે !
બાવડાંમાં પછી જોશ અનંતગણું ઉદ્ભવે;
હામ, ઉત્સાહ ને જોશ એવા અનેક ગુણ જે
-આપમેળે ખીલી કેવા ! જીવન અજવાળશે.

□

વિરક્તિ ભક્તની શક્તિ, એવો તો ભક્ત કોઈક,
‘હરિમાં ભાવ સંપૂર્ણ’, તેને ભક્તિ પ્રમાણવી;
ચેતનાત્મક તો એવો ભાવ હરિ પરત્વનો
-નિરંતરતણો પાછો પાયો ભક્તિ સ્વરૂપનો.



ઉત્કૃષ્ટ ભાવના જેમાં નિરંતર રમ્યા કરે,
અંતરે ગૂઢમાં ગૂઢ એવી જ સૃષ્ટિ જેની છે;
બાહ્યાંતરે વિચારોનો ભાવપ્રદેશ એક છે,
એવા તે ભક્તનો શ્રેષ્ઠ મહિમા શો અપાર છે !

□

હરિના ભાવમાં સ્નાન નિત્ય ને નિત્ય જેનું છે,
તેના તો ભાવનું સ્વાસ્થ્ય કેવું સુંદર, મસ્ત છે;
હરિનો ભાવઆદર્શ જેનું જીવન નિત્યનું,
ભાવનાયુક્ત એવા તે ભક્તનું ધન્ય જીવવું.

□

છે પરમાર્થમાં સ્વાર્થ સ્વાર્થમાં પરમાર્થ છે,
બંને તે ભૂમિકામાં શો ભક્ત એક પ્રકાર છે;
જે તે ભક્તની ભૂમિકા હરિના ભાવની જ છે,
હરિભાવ વિના, એને સ્પર્શવા યોગ્ય કૈં ન છે.

જે આરપાર ક્યાંનું ક્યાં સોંસરવું જ નીકળી
-ઠરવું હરિનાં પક્ષે, ભક્તનું શ્રેષ્ઠ કર્મશ્રી;
હરિને એકલો ક્યાંયે એનાથી ના મુકાય છે,
તે નિરંતર ભેળો ને ભેળો રાખે હરિહૃદે.

□

હરિના ભક્તને કેવાં વિઘ્ન અનેક હોય છે !
શી પારાવાર મુશ્કેલી સંસારે વળી હોય છે !
એવાનો શો બધો તોડ કાઢી દેતો જ શ્રીહરિ !
કોઈ વાતે દુઃખી એને થવા દે ના લગીર તે;
ભલે દુઃખી શરીર હો, મનાદિમાં છતાં ન તે,
હરિના ભાવમાં મગ્ન માત્ર એનો શું ભક્ત છે !

□

નિરાધાર પૂરેપૂરો શો હરિ વિણ ભક્ત છે !
જીવી શકે ન છે ભક્ત સંસારે હરિ વિણ તે;
ભક્તનો સર્વ સંસાર, સર્વ જીવન ભક્તનું
-હરિ શો એકલો પોતે ! સંભાળે ભક્તનું બધું.



યાદ થયા જઈ ભાવે પ્રત્યક્ષ હરિને વિશે,
-મનાદિ સૌ રમંતાં છે જેનાં, તે ભાગ્યશાળી છે;
સંસારે અટપટા પ્રશ્નો શા ભક્તનેય આવતા !
કિંતુ ત્યારે ન ડોલી તે જતો, શો સાવધાન ત્યાં !

□

જાણવું માત્ર ના યોગ્ય, માનવું માત્ર યોગ્ય ના,
એમાં પુરાઈ રહેવાનું ભક્તને પાલવે જ ના;
ભક્તની દુનિયાનો કો અલૌકિક પ્રકાર છે,
ભક્તને સર્વ સંગાથે રંગ સદ્ભાવનો જ છે.
સંગ

□

હરિના ભાવમાં માત્ર ખેલવું, કૂદવું ગમે,
હરિના ભક્તનો એવો શો સંસાર જીવને !
હરિનો ભક્ત પોતાના સૌ વ્યવહારને વિશે
-એકલો માત્ર સંપૂર્ણ ધરે શ્રીહરિને હૃદે.

સ્વચ્છંદી ભક્ત શો લાગે કદીક વ્યવહારમાં !
યોગ્યાયોગ્યપણું એનું કોણ તોળી શકે તહાં ?
માપવા જવું કોઈને ડહાપણનું કર્મ ના,
માપવા જ જતાં પોતે કેવો મપાઈ જાય ત્યાં !

□

આંધળિયાં પૂરેપૂરાં શો લાગે કરતો જગે !
ઢંગધડા વિનાનાં શાં એનાં તો કર્મ હોય છે !
વ્યવસ્થાનું ન ઠેકાણું જેનું જરાય હોય છે,
એવા તે ભક્તને કોણ સંસારમાં પ્રીછી શકે ?

□

હરિની ભક્તિમાં ભાવે જીવવું ધનભાગ્ય તે,
ભક્ત શો ઓલિયો મુક્ત ! કાળનાથી વિમુક્ત છે;
કામના કૈંક જો હોય, હરિની ભક્તિની જ છે,
સર્વાંશે દિલ સર્વાંગે એવો ભક્ત વિરક્ત છે.



અધૂરો લાગતો હોય હરિનો ભક્ત જીવને,
કશો ચાલાક ના લાગે, ન કૈં દેખાય યોગ્ય છે;
બોલીચાલીનું ઠેકાણું બધું અર્થ વિનાનું છે,
છતાં પોતા વિશે એવો પૂર્ણ શો હરિભક્ત છે !

□

કૈં વાંધાવચકા એને સંસારે પડતા ભલે,
જીવે છે કિંતુ તે પોતે પોતાની રીતથી જગે;
એને ના ડર કોઈનો, મસ્ત ફકીર જીવને,
હરિના ભક્તને કોઈ ડરાવી શકતું ન છે.

□

લાગે કદીક તે કેવો આઘોપાછો થતો જગે !
છતાંયે અંતરે એને નિશ્ચિતતા શી પાકી છે !
કદીક ગભરાયેલો લાગે કેવો વિચિત્ર તે !
છતાં એના સમો કોઈ બીજો બેફિકરો ન છે.

થવાને ભક્ત, આકાશ પાતાળ એક અંતરે
-કરી, પ્રચંડ જુવાળ શો ચઢાવેલ છે ઊંચે !
કેવી કેવી ધરેલી છે ઉમેદો અંતરે ઊંડે !
કેવી ફાવટ આવી છે કૃપાના માત્ર કારણે !

□

સંપૂર્ણ દિલ મૂકીને એકલો માત્ર શો હૃદે
-યોગ્ય સંઘરવા કોઈ હોય તો, શ્રીહરિ જ છે;
હૈયે સંઘરવા ભાવે હરિને કેટકેટલી
-તપશ્ચર્યા કરેલી તે, કોણ જાણે ખરેખરી ?

□

હરિ વિના બીજો બેલી મારો સંસારમાં ન છે,
હરિના આશરે જીવું, મારો આધાર એ જ છે;
સહારે શ્રીહરિકેરા સૌ વ્યવહાર ચાલતો,
એના જેવો બીજો કોઈ વ્યવહારુ ન યોગ્ય છે.



હરિની આવવું યોગ્ય પસંદગી વિશે હૃદે,
કેવું તે મોટું સદ્ભાગ્ય ! અજાણ્યાને ન ખ્યાલ તે;
મને ઘડ્યો કૃપાએ તો શો પશુમાંથી માનવી !
બાકી તેવું થવું શક્ય નહોતું તે કશું જરી.

□

આવ્યો પસંદગીમાં શો શ્રીહરિની કૃપા થકી,
કેટલાં કેટલાં કામ થયાં કર્યાં હરિ થકી,
તણખલું હતો માત્ર તેને મેરુ બનાવીને,
પ્રતિષ્ઠા, આબરૂ, કીર્તિ, કેવાં અપાવિયાં જ છે !

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.
મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.
સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.
નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.
મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.
જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.
દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.
જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.
મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

-શ્રીમોટા



## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.